Price : 5/-
Total Page : 32

# જાગૃતિ સંદેશ

## JAGRUTI SANDESH

Vol 17 Issue No. 12 - Mumbai DECEMBER 2017

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર




# Happy New Year





NOW
GOLDEN MILESTONE
of
JEWEL
SILVER | GOLD | DIAMOND
Exclusive
22k & 18k
Jewellery
Jewellery at
Factory price
Like us on
facebook.com/jewelgoldndiamond
facebook.com/jewelintsilver
instagram.com/jeweldxb
instagram.com/jewelintsilver
Jewel Star L.L.C
Shop#2, Al Ras Main Road, Near RAK Bank, Gold Souk, Deira, Dubai
P.O.Box - 181971 Tel : +9714 2350419 Email – jewelgold999@gmail.com
ADVT

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી ચંદ્રકાંત એફ. શાહ**



### કેબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી રમેશભાઈ જે. મોરબિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી પ્રવીણ એ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી કિશોર એસ. શેઠ |
| સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી અનિલ જી. દોશી |
| | શ્રી વિજય એચ. મહેતા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી રમેશ એમ. સંઘવી |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

### જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | : શ્રી અમિત ડી. કોઠારી |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી ધર્મેશ એસ. જૈન | શ્રી રાહુલ એમ. ટિંબડિયા |
| શ્રી અનિલ જી. દોશી | શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

**: ઈન્વાયટી :**

| | |
|---|---|
| શ્રી દિનેશ વી. શાહ | શ્રી કિરણ એચ. શાહ |

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


છૂટક મૂલ્ય રૂા.૫/- વાર્ષિક લવાજમ રૂા.૫૦/-

## Message From The CHAIRMAN.....



મારા સ્નેહાળ મિત્રો, ભાઈઓ તથા બહેનો - બાળકો,

મારી પ્રથમ ટર્મનું બીજું વર્ષ પૂરું થવાને આરે છે. ડિસેમ્બર મહિનો સડસડાટ પસાર થઈ રહ્યો છે. વર્ષની ક્રીમ સિઝન ઠંડીની રાહ જોઈએ છીએ. અનેકવિધ પ્રવૃત્તિ કરી રહેલ જેજેસીની પ્રવૃત્તિમાં ક્યારેય સુસ્તી પ્રવેશતી જ નથી. દિવાળી પતે એટલે વિવિધ પ્રવૃત્તિઓથી સમગ્ર જૈન જાગૃતિ સેન્ટરો વિવિધ પ્રોજેક્ટથી ધમધમી ઉઠે છે. ડિસેમ્બર મહિનો એટલે સમૂહલગ્નનો મહિનો. તથા જેજેસીના દરેક સેન્ટરોને નવા વર્ષ માટે રિન્યુઅલ મેમ્બરશીપનો મહિનો છે. ડિસેમ્બરના રોજ જેજેસી-સેન્ટ્રલ બોર્ડ આયોજિત સમૂહલગ્ન તા. ૯.૧૨.૨૦૧૭ના રોજ નિધાર્યા હતા. સમૂહલગ્ન જેજેસીનો ગૌરવવંતો પ્રસંગ છે. મુંબઈનાં બધાં જ સેન્ટરનો આ સહિયારો પ્રસંગ છે. દરેક સેન્ટરની કારોબારી કમિટી આમાં ઉત્સાહપૂર્વક તન-મન-ધનથી ભાગ લે છે. સમૂહલગ્નના પ્રેરક દાતા થવાનો લાભ લેવા સેન્ટરો પ્રતિક્ષા કરતા હોય છે. દરેક સેન્ટર અને કારોબારી સભ્યોનો આર્થિક સહયોગ પણ મળે છે. હું આ તબક્કે દરેક સેન્ટર અને કારોબારી સભ્યોનો તન-મન-ધનથી સહયોગ આપવા બદલ આભાર માનું છું. છેલ્લાં કેટલાંક વર્ષોથી નિયમન કરવા આપણે સમૂહલગ્ન વધુમાં વધુ ૨૧ દંપતીઓનાં કરીએ છીએ. અંદાજિત દરેક વર્ષે જૂન મહિનામાં રસ ધરાવતા વાલીઓ પાસેથી ફૉર્મ સ્વીકારીએ છીએ. ફક્ત એક મહિનામાં ૨૧ કપલ બુક થઈ જાય છે. ત્યાર બાદ વેઈટિંગ લિસ્ટમાં પણ થોડાં નામ આવે છે.

જૈન સમાજમાં સમૂહલગ્નના આયોજનમાં જેજેસીનું નામ મોખરાનું ગણાય છે. દરેક વર્ષે લગ્નસમારંભ પછી ભાગ લેનાર વાલીઓ કબૂલ કરે છે કે અમે જો કદાચ અમારી રીતે લગ્ન કર્યાં હોત તોપણ આવી ભવ્યતાથી પ્રસંગ ઊજવાયો ન હોત! વર્ષ ૨૦૧૮-૨૦૧૯ તેમજ ૨૦૨૦માં યોજાનારા સમૂહલગ્નના પ્રેરક દાતાના નામ અત્યારથી આવી ગયા છે જે જેજેસી માટે એક અજોડ સિદ્ધિ ગણાય! ગૌરવ કહેવાય. જ્યારે બીજી ઘણીબધી સંસ્થાઓના સમૂહલગ્ન પ્રોજેક્ટ લગ્નઈચ્છુકોના અભાવે બંધ થતા જાય છે ત્યારે જેજેસીના સમૂહલગ્ન પ્રોજેક્ટ તેની અદ્‌ભુત વ્યવસ્થાને લીધે ઊભરી

આવે છે.

આ અંક આપના હાથમાં આવશે ત્યારે સેન્ટ્રલ બોર્ડના આયોજિત સમુહ લગ્ન સંપન્ન થઈ ગયા હશે.

આપણા જેજેસી પરિવારનું ચેમ્બુર સેન્ટર આ વર્ષે રજત જયંતી વર્ષ તરીકે ઉજવી રહ્યું છે. તેમજ દહીસર સેન્ટર આ વર્ષના સમુહ લગ્નમાં સહભાગી હતું. બંને સેન્ટરના કારોબારી સભ્યો તથા સામાન્ય સભ્યોને આ બદલ શુભેચ્છા પાઠવું છું.

જાગૃતિસંદેશ તેની યાત્રાના ૨૬ વર્ષ પૂર્ણ કરી ૨૭ વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. આ ૨૬ વર્ષની સફરમાં ગુજરાતી ભાષાના પ્રેમીઓનો જે સાથ-સહકાર અને પ્રેમ અમને મળ્યો છે તે બદલ જાગૃતિ સંદેશ પરિવાર આપ સૌનો હૃદ્યથી આભાર માને છે. એવી જ રીતે અત્યાર સુધી અમારી સાથે જોડાયેલા તમામ લોકો આમ જ અમારી સાથે જોડાયેલા રહેજો અને હજી વધુને વધુ જોડાતા રહે, જેથી આપણો પરિવાર હજી વધુ ને વધુ વિશાળ બને.

જાગૃતિ સંદેશ ૨૭ વર્ષમાં પ્રવેશ કર્યો અને આપણે સૌ ૨૦૧૮ના નવા વર્ષમાં પ્રવેશ કરીશું. નવું વર્ષ એ માત્ર તારીખ બદલવાની ઘટના નથી, એ તો થોડાક નવા થવાનો અવસર છે. જિંદગીમાં કંઈ પણ નવું બને ત્યારે થોડીક નવી ઊર્જાનો સંચાર થાય છે. નવી શક્યતાઓ ઊભી થાય છે. 'નવા'નો એક રુઆબ હોય છે. 'નવા'ની એક નજાકત હોય છે. જેમાં સમયની એક નવી કૂંપળ ફૂટે છે. નવું હોય એ નાજુક હોય, હળવું હોય અને રોમાંચથી તરબતર હોય. કંઈક પ્રારંભી રહ્યું છે, કંઈક નવું સર્જાય રહ્યું છે.

આમ તો જિંદગીમાં કેટલું બધું નવું બનતું રહે છે. નવું બને ત્યારે તેનું સ્વાગત પણ નવું હોવું જોઈએ તાજું અને તાજગી આપે એવું હોવું જોઈએ. 'નવા'માં એક 'નશો' હોય છે.

આજથી ત્રણસો પાંસઠ પાનાની એક નવી વાર્તા શરૂ થવા જઈ રહી છે. રોજ નવું પાનું હશે. વાર્તા લખવાની જ છે. લખવી તો પડશે જ. પાનું તો રોજ બદલવાનું જ છે. મરોડદાર અક્ષરોથી લખશો તો પણ લખાશે અને લીટા પાડશો તો પણ પાનું તો ભરાવવાનું જ છે. લખતી વખતે એટલું ધ્યાન રાખીએ કે જૂના પાના ઉથલાવીએ ત્યારે ચહેરો થોડોક મલકે, આંખ થોડીક ચમકે અને યાદોની થોડીક સુગંધ પ્રસરે.

ગયા વર્ષની વાર્તામાં એવા કેટલાં પાના હતા, જેના પર લીટા હતા? ડાઘા હતા? અથવા તો પાના સાવ કોરે કોરા હતા? જવા દો, એ નહીં જોતા, સારા પાના ઉપર નજર ફેરવવી હોય તો ફેરવજો.

ગયા વર્ષનો કેટલો ભાર પીઠ પર લદાયેલો છે? એ ભારને ફગાવી દો. હળવા થઈ જાવ. જો એ ભાર સાથે હશે તો આ નવા દિવસની અને નવા વર્ષની હળવાશ નહીં લાગે. જિંદગીની ખુશી ઘણી વખત એમાં સમાયેલી હોય છે કે તમે કેટલું ભૂલી શકો છો? જે ભૂલી નથી શકતા એ ખુલી નથી શકતા. બંધ રહે છે પોતાની અંદર જ પુરાયેલા રહે છે. નવા વર્ષમાં જૂનાથી થોડાક મુક્ત, થોડાક આઝાદ અને થોડાક અલિપ્ત થઈએ તો જ નવાનો અહેસાસ માણવાની મજા આવશે.

હાથ થોડાક પહોળા કરી નવા વર્ષને આલિંગન આપીને આવકારીએ. નવી ક્ષણો, નવા શ્વાસો, નવા વિશ્વાસો અને નવી સંવેદનાઓ સાથે ચાલો, આ તહેવારનું સ્વાગત કરીએ.

સારું છે કે તહેવારો છે. તહેવારો ન હોત તો આપણે કદાચ આજે છીએ એના કરતાં વધુ 'એકલા' હોત. તહેવારો આપણને એકબીજાની નજીક લાવે છે. સાથેસાથે પોતાનાઓની નજીક લાવે છે!! ખરેખર, આજે આપણે આપણાંથી દૂર થઈ ગયા છીએ. આપણી પાસે હવે બીજા માટે તો શું આપણા પોતાના માટે પણ સમય ક્યાં છે? જે થોડો ઘણો સમય હોય એ મોબાઈલ ખાઈ જાય છે.

મિત્રો, છેલ્લે એટલું જ કહેવાનું કે તમારો થોડોક સમય તમારા માટે અને તમારા પરિવાર માટે બચાવીને રાખજો. પણ હા, એ સમયે મોબાઈલ અને લેપટોપ તો નહીં જ લેવાના. થોડુંક કંઈ ગમે એવું કરજો. થોડાક પોતાની અને પોતાનાઓની નજીક જજો. થોડોક પોતાને ઓળખવાનો પ્રયાસ કરજો. જિંદગીની જરાક નજીક જઈને જુઓ, જીવવા જેવું ઘણું છે. આપણે એ ભૂલી ગયા છીએ, રસ્તો ચૂકી ગયા છીએ.

આ નવું વર્ષે સહુને થોડાક આપણી નજીક લાવે તેવી શુભકામના.

સાથે સાથે આપ સર્વેને Happy New Year ની શુભેચ્છા પાઠવું છું.

આપનું વર્ષ ૨૦૧૮ ખુબજ Shining & Prosperous જાય તેવી શુભેચ્છા આપું છું...

જય જિનેન્દ્ર...

*લિ. સંજય બી. શાહ*

*ચૅરમૅનઃ જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● જેજેસી અમૃતનગર | : | ૧૬-૧૧-૧૭ | જીવન જાણે જલસો - મ્યુઝીકલ નાટક | ★ |
| ● ગોલ્ડન ગારોડિયા | : | ૧૪-૧૧-૧૭ | ગોલ્ડન ડાયરો | ★ |
| | : | ૧૯-૧૧-૧૭ | ચાઝુ પાર્ક - રીસોર્ટ | ★ |
| ● ભાંડુપ - વિક્રોલી | : | ૧૪-૧૧-૧૭ | ગોલ્ડન ડાયરો | ◈ |
| | : | ૧૯-૧૧-૧૭ | ચાઝુ પાર્ક - રિસોર્ટ | ★ |
| ● કાંદિવલી | : | ૨૮-૧૧-૧૭ | અમિત જાદવ - ઓર્કેસ્ટ્રા | ★ |
| ● શિવાજી પાર્ક | : | ૧૬-૧૧-૧૭ | વટથી કહો અમે નમુના છીએ - નાટક | ◈ |
| ● રોયલ જગડુશા | : | ૯-૧૧-૧૭ | રંગ રંગીલા ગુજ્જુભાઈ - નાટક | ◈ |
| ● મુલુંડ | : | ૫-૧૧-૧૭ | જેજેસી મુલુંડ દાંડિયા રાસ - રાસ ગરબા | ★ |
| | : | ૧૬-૧૧-૧૭ | કલ હો ના હો - ઓર્કેસ્ટ્રા | ★ |
| ● સાયન - માટુંગા | : | ૫-૧૧-૧૭ | વટથી કહો અમે નમુના છીએ - નાટક | ◈ |
| ● પેડર રોડ | : | ૫-૧૧-૧૭ | મ્યુઝીકલ શો ઓર્કેસ્ટ્રા (ટી. વી. સ્ટાર મલહાર) | ★ |
| | : | ૧૨-૧૧-૧૭ | - નાટક | ◈ |
| ● મુંબઈ | : | ૧૮-૧૧-૧૭ | યાદગાર જુના-નવા ગીતો - ઓર્કેસ્ટ્રા | ★ |
| ● જેમ જગડુશા | : | ૮-૧૧-૧૭ | રંગ રંગીલા ગુજ્જુભાઈ - નાટક | ◈ |
| ● જેજેસી એલિસબ્રિજ | : | ૯-૧૧-૧૭ | ઈતેફાક ફિલ્મ | ◈ |
| ● જેજેસી નોર્થ વેસ્ટ | : | ૨૫-૧૧-૧૭ | સંજીવની ભિલાડે - ઓર્કેસ્ટ્રા | ◈ |
| ● જેજેસી નોર્થ ઈસ્ટ | : | ૭-૧૧-૧૭ | રંગ રંગીલા ગુજ્જુભાઈ - નાટક | ◈ |
| | : | ૨૫-૧૧-૧૭ | સંજીવની ભિલાડે - ઓર્કેસ્ટ્રા | ◈ |
| ● જુહુ બીચ | : | ૧-૧૧-૧૭ | Close to your Heart (કોષા અને પાર્થ) ઓર્કેસ્ટ્રા | ★ |
| | : | ૨૨-૧૧-૧૭ | એક નવું જ નાટક - નાટક | ◈ |
| | : | ૨૬-૧૧-૧૭ | ગ્લોબલ વિલેજ - get together | ★ |

| | | | | |
|---|---|---|---|---|
| ● વસઈ | : | ૧૦-૧૧-૧૭ | ખુશ્બુ ગુજરાત કી - ગુજરાતી ગીતો | ★ |
| ● નવી મુંબઈ | : | ૧૬-૧૧-૧૭ | બા મારી મધર ઈન્ડિયા - નાટક | ◈ |
| | : | ૨૨-૧૧-૧૭ | વટથી કહો અમે નમુના છીએ - નાટક | ◈ |
| ● મુંબઈ (ઈસ્ટ)લેડિઝ વિંગ | : | ૨૪-૧૧-૧૭ | ૧૧ કલાક ૨૩ મિનિટ - નાટક | ◈ |
| ● ચેમ્બુર | : | ૧૩-૧૧-૧૭ | જેજેસી સિલ્વર ગીત મસ્તી - ઓર્કેસ્ટ્રા | ★ |
| | : | ૧૭-૧૧-૧૭ | સમેતશીખરજી ભાવયાત્રા | ★ |
| | : | ૨૦-૧૧-૧૭ | રંગ રંગીલા ગુજ્જુભાઈ - નાટક | ◈ |
| ● જામનગર | : | ૬-૧૧-૧૭ | વહુએ કાઢ્યો વરઘોડો - નાટક | ◈ |
| | : | ૧૨-૧૧-૧૭ | તપસ્વી બહુમાન | ★ |
| ● વિલે પાર્લા | : | ૭-૧૧-૧૭ | માસ્ટર બ્લાસ્ટર - નાટક | ★ |
| | : | ૨૧-૧૧-૧૭ | રંગ રંગીલા ગુજ્જુભાઈ - નાટક | ◈ |
| ● ગોંડલ | : | ૭-૧૧-૧૭ | ઈશ્વરીય પાર્ક - રીસોર્ટ | ★ |
| ● બોરીવલી | : | ૧૫-૧૧-૧૭ | ગુગલી - નાટક | ◈ |
| | : | ૩૧-૧૧-૧૭ | રંગ રીગલા ગુજ્જુભાઈ નાટક | ★ |
| ● જેજેસી જુહુ | : | ૧-૧૧-૧૭ | બેસ્ટ ઓફ વન લાલુ - ફિલ્મ | ◈ |
| | : | ૪-૧૧-૧૭ | દોસ્તાના અમિતાભ પ્લે બેક સિંગર - ઓર્કેસ્ટ્રા | ◈ |
| | : | ૭-૧૧-૧૭ | ઈતેફાક - ફિલ્મ | ◈ |
| | : | ૯-૧૧-૧૭ | વટથી કહો અમે નમુના છીએ - નાટક | ◈ |
| | : | ૨૨-૧૧-૧૭ | માસ્ટર બ્લાસ્ટર - નાટક | ◈ |
| | : | ૨૯-૧૧-૧૭ | ગુગલી - નાટક | ★ |
| ● રજવાડી | : | ૧-૧૧-૧૭ | રોક શો ઑર્કેસ્ટ્રા | ★ |
| | : | ૧૭-૧૧-૧૭ | ૧૧ કલાક ૨૩ મિનિટ - નાટક | ◈ |
| ● દહીસર | : | ૧૯-૧૧-૧૭ | ટચ મી - ઑર્કેસ્ટ્રા | ◈ |
| ● મલાડ | : | ૧૬-૧૧-૧૭ | મનીષ જોષી - ઑર્કેસ્ટ્રા | ★ |

સંજ્ઞા : જમણ સાથે ★ જમણ વિના ◈ નાસ્તો ✦

**દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઈ-મેઈલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઈસ્યૂમાં છાપવામાં આવશે.**

## જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા નીચેનાં સર્વે સેન્ટરો તથા સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે

## JANUARY CHARTER DATE

| Sr. No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Juhu Beach | 01-01-1992 | Haresh Parekh | 9820302760 | Kirti Shah | 9323041653 |
| 2 | North West | 06-01-2012 | Parag Shah | 9324911111 | Bharat Kamdar | 9322273784 |
| 3 | Royale Jagdusha | 06-01-2013 | Jethalal Dedhia | 9821070219 | Mitesh Ambavi | 9324027366 |
| 4 | Netrang | 08-01-2012 | Deepak Gandhi | 9427158600 | Hetal Patva | 9913229151 |
| 5 | Satna | 11-01-2009 | Jayesh Parekh | 9827067168 | Atul Vora | 9425173536 |
| 6 | Veraval | 11-01-2014 | Uday Shah | 7567939393 | Jayprakash Bhavsar | 9427388242 |
| 7 | Malad | 16-01-1993 | Mahendra Panchamiya | 9892362629 | Virendra Damani | 9820278036 |
| 8 | Amrutnagar | 18-01-1996 | Anil Doshi | 9324081810 | Chetan Shah | 9820944616 |
| 9 | Rajkot Main | 19-01-1996 | Bharat Parekh | 9825029186 | Divyesh Doshi | 8866770031 |
| 10 | North East | 20-01-2002 | Nitin Sanghavi | 9821557000 | Ramesh Morbia | 9323925420 |
| 11 | Nerul | 20-01-2013 | Jigar Mehta | 9821329070 | Tatsu Dharamsey | 9820717104 |
| 12 | Kandivali | 24-01-1990 | Sanjay Shah | 9821050169 | Jagdish Vora | 9821879335 |
| 13 | Borivali | 27-01-2005 | Manikant Kothari | 9324686519 | Praful Kamdar | 9820038664 |
| 14 | Dahisar | 27-01-1996 | Chandrakant Shah | 9322990772 | Nitin Shah | 9321134859 |
| 15 | Limbdi | 30-01-1994 | Hemendra Shah | 9825224491 | Pravin Champaneri | 9427215865 |
| 16 | Mahuva | 30-01-2000 | Tushar Doshi | 9428992451 | Haresh Doshi | 9825491772 |

## JJC CENTRAL BOARD

| Sr. No. | Name | Marriage Date | Mobile No. | Email ID |
|---|---|---|---|---|
| 1 | Praful V. Kamdar | 10-01-1983 | 9820038664 | prafulkamdar2007@yahoo.co.in |

## JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST

| Sr. No. | Name | Date of Birth | Mobile No. | Email ID |
|---|---|---|---|---|
| 1 | Kiran H. Shah | 17-01-1946 | 9820024491 | shivs8@gmail.com |

# ''જ્યોત સે જ્યોત જલાતે રહો''

## (જીવન જાણે પ્રેમનું ઝરણું - મૈત્રીની મહેફિલ)

■ **કિરણ શાહ (Past Chairman)**

વિશ્વના સળગતા પ્રશ્નોને હલ કરવાનો અમોઘ માર્ગ છે - ''જ્યોત સે જ્યોત જલાતે રહો - સબ કો ગલે સે લગાતે રહો.'' કવિશ્રી દુષ્યંત કુમારની ફિલોસોફી તેના અત્યંત પ્રખ્યાત શેરમાં પ્રગટ થાય છે.

''સિર્ફ હંગામા કરના હમારા મકસદ નહીં
હમારી કોશિશ હૈ કી સૂરત બદલની ચાહીએ
મેરે દિલ મેં નહીં તો તેરે દિલ મેં હી સહી
આગ કહીં ભી હો લેકિન આગ જલની ચાહિયે''

દરેક માણસને અંદરના આદેશની ભેટ મળેલ હોય છે. શું સારું અને શું ખરાબ? આ પ્રશ્ન નો જવાબ તો આપણો માહ્યલો જ આપે. આ જવાબની અવગણના કરવી એ પણ અવિવેક છે. ઈનરવોઈસનો આદર કરવો એ વિવેક છે, જે પ્રત્યેક માણસને માગ્યા વગર મળેલી મોંઘેરી મિરાત છે. આપણી પાસે અંતરનેટ હોવું જોઈએ. ઈન્ટરનેટ ન હોય તો ચાલે. આપણું અંતઃકરણ આપણને છેતરતું નથી. કારણ કે જ્યાં અંતઃકરણ હોય ત્યાં અંતર્યામી હોય છે. સંવેદનશીલ હૃદય કુદરતની મનુષ્યને મહાન ભેટ છે. આપણામાં ઘણું બધું જીવાતું હોય છે તેમાં કોને જીવવા દેવું અને કોને મારી નાખવું એ આપણે નક્કી કરવાનું છે. માનવ માટે જીવનની દરેક ક્ષણ ઈશ્વરની અનુપમ ભેટ છે. તમે જીવનને અણમોલ ઘટના તરીકે જુઓ અને તેનું અભિવાદન કરો. ભગવાને જે આપ્યું તે ફક્ત સ્વીકારવું જ નહીં પણ તે સન્માવવું. ભીંજાવું અને પલળવું એમાં ફરક ફક્ત એટલો કે જે જડ છે એ પલળે છે અને જે જીવંત છે એ ભીના થાય છે. માણસ હોવું એ એક વાત છે અને માણસ થવું એ બીજી વાત છે. માણસ મોટો દેખાવા કરતાં મોટાઈ દેખાડે એ વધારે મહત્વનું છે.

દુનિયામાં એક પણ વ્યક્તિ એવી નથી જેને ફરિયાદ કે સમસ્યા કે મુશ્કેલી ન હોય, જુદા એ લોકો પડે છે જે તેનાથી ઉઠીને જીવે છે. જિંદગી એક રમત છે એ ખરેખર રમતાં-રમતાં અને મરણને ગંભીર ગણ્યા વિના જીવવી જોઈએ. જેમણે જિંદગીમાં કંઈક કર્યું છે, તેવા માણસોના જીવન તપાસશો તો તમને દેખાશે કે આ લોકો કામ કરતાં રહ્યા છે, કપરો સંગ્રામ ખેલતા રહ્યા છે. વારંવાર ઉંમરના ટીપણાં ઉખાળતા બેસી રહ્યા નથી. ઘણાની જિંદગી તો સંધ્યાટાણે સૂરજની જેમ ઉગી છે - જેમ કે ચર્ચિલ અને જર્મનીના ચાન્સેલર એડેનોર જિંદગીમાં કોઈને વહેલી સફળતા કે ખ્યાતિ મળે છે, કોઈને ખૂબ મોડી મળે છે અને ઘણાને તો કદાચ મળે જ નહિ. પરિણામો આપણા હાથમાં નથી, કર્મ આપણાં હાથમાં છે. માણસે પોતાને સંતોષ થાય અને જીવન સાર્થક લાગે તેવું કાર્યક્ષેત્ર નક્કી કરી નાખવું જોઈએ અને પછી તેમાં ગૂંથાઈ જવું જોઈએ. જીવવાનું બંધ ન કરો. આપણે ત્યાં માણસો મનથી હારી જાય છે, વહેલા હારી જાય છે અને મનથી વહેલાં નિવૃત્ત થઈ જાય છે અને થાકીને બેસી જવાની તૈયારી કરે છે. જીવનનું સત્ય અર્થશાસ્ત્રીના સત્ય કરતાં વધારે મહત્વનું છે. જીવનનું સત્ય મનની શાંતિ અને સ્વસ્થ જીવનશૈલી થકી પ્રગટ થાય છે, અર્થશાસ્ત્રનું સત્ય માથાદીઠ આવક અને જી.ડી.પી. થકી પ્રગટ થાય છે. પ્રેમ, શ્રદ્ધા, વિશ્વાસ, હાસ્ય અને જીવવાની પ્રબળ ઈચ્છાનું મેડીકલ મૂલ્ય ઘણું છે. જીવનમાં સાવ નકામી બાબતો હઠપૂર્વક ખંખેરી નાખ્યા સિવાય ખરા સ્વરાજ્યની શરૂઆત થતી નથી. ઘણીવાર આપણો શાંત અને સુરક્ષિત જિંદગીના ખ્યાલમાં વધૂ પડતાં ઠંડા અને કાયર બની જઈએ છીએ.

જીવન જીવતાં શીખો, જીવવા માટે જીવન શીખો.

આપણી પાસે કંઈ નથી. એ વાક્ય કદાચ સત્ય, અસત્ય કે અર્ધસત્ય હશે... પણ આપણું કાંઈ નથી એ પૂર્ણ સત્ય છે, માટે બે હાથ જોડો એનાં કરતાં એક હાથ કોઈ તરફ લંબાવો તો એ પણ પ્રાર્થના જ કહેવાશે, એમાં માનવનું ગૌરવ જળવાશે. પૈસા માટે પરસેવો પાડનાર ઘણાં છે... પણ પર-સેવા માટે પરસેવો પાડનાર ઓછા છે. આપણે યાદ રાખવું જોઈએ કે આપણે દુનિયાના

દેવાદાર છીએ. દુનિયા માટે આપણે કંઈક કરી શકીએ તે આપણને મહાન તક મળી છે તેમ સમજવું. દુનિયાને મદદ કરવામાં આપણે આપણી જાતને મદદ કરીએ છીએ. આપણે એવી પ્રતિજ્ઞા લઈએ કે રોજ એક સુકૃત્ય કરવું, જેથી કંઈ નહીં તો એટલું સ્મરણ દિવસમાં રહે અને એક શુભ કાર્યના પૂણ્યમાં આખો દિવસ સારો ગયો એમ કહી શકાય. દિવસ ગમે તેવો ગયો હોય પણ તેને માથે એક સુકૃત્યનો ચાંદલો લાગ્યો એટલે આખો દિવસ પવિત્ર બન્યો. પરભવ કરતાં આ ભવમાં જ જીવનની મહત્તા સમજવા જેવી છે. આજ સમજણ આપણને માનવતાવાદી નહીં પણ માનવતાધારી એવા સારા અને સાચા માનવી બનાવશે. જ્યારે મનુષ્ય અન્યના સુખનો વિચાર કરે છે ત્યારે માનવતા મહેંકી ઉઠે છે. ધ્યાનમાં રહે કે આ જગત હજુ પણ કેટલાક પવિત્ર શબ્દોને આધારે ટકી રહ્યું છે, પ્રેમ, કરૂણા, સત્ય, અહિંસા, શાંતિ, મૌન, સરળતા, નિખાલસતા, પરોપકાર વગેરે વગેરે. એક કવિએ કહ્યું છે કે

''ક્યારેક ઉદાસીની આગ છે જિંદગી
ક્યારેક ખુશીનો બાગ છે જિંદગી
હસતો અને રડાવતો રાગ છે જિંદગી
પણ આખરે તો કરેલા કર્મોનો જવાબ છે જિંદગી

અને એટલા માટે જ આપણા બધા નાના મોટા કર્મોની વીડીઓ કેસેટ ઉતરી રહી છે એવો ખ્યાલ રાખીને જીવવું તેજ આસ્તિકતા છે.

મારે દરેક વાંચક ને જાગૃતિપૂર્વક જીવવાનો સંદેશો આપવો છે ''તમે રોજેરોજ જીવી જજો'' Moment to Moment awareness – પ્રતિક્ષણ જાગરૂકતા

અને અંતમાં...

''સઘળા સુખે સૂઈ રહો છો
આપણે તો ભાઈ જાગતા રહેશું,
સાદ પાડીને શેરીએ શેરીએ
ઉંઘતાનેય જગાડતા રે'શુ
આપણે તો ભાઈ, જાગતે રે'શુ.

સ્વયં જાગવું એ દુનિયામાં સૌથી અઘરું અને અગત્યનું કામ છે. આપણે ભલે કોઈનો આધાર ન બની શકીએ પણ કોઈકને આશ્વાસન તો આપી જ શકીએ.

આ લેખ વાંચી તમારી સ્નેહશક્તિ જાગ્રત થાય તો મારા માટે શ્રમસાફલ્ય.


જેજેસી કાંદિવલી
સંચાલિત

જૈન સગપણ માહિતી સેન્ટર (કાંદિવલી)

(શ્રી કિરીટભાઈ ભાઈલાલભાઈ શાહ પરિવાર પ્રેરિત)
નવમો યુવક – યુવતી પરિચય સંમેલન (ગ્રેજયુએટ યુવા મેળો)
શુક્રવાર . તા. ૨૬ મી જાન્યુઆરી ૨૦૧૮ સમય : બપોરે 3.00 થી રાતના ૯.૦૦ સુધી

બે અલગ પરિવારોની પરંપરા, બે અલગ અલગ પાત્રોની વર્તમાન જીવનશૈલીની વિવિધતાનો સમજણથી સમન્વય કરીને આપના ભાવિ જીવનને સગપણના સેતુ પ્રતિ દોરી જતો "મંગલ મંચ" એટલેજ "જૈન સગપણ માહિતી સેન્ટર" જેના દ્વારા રજીસ્ટર્ડ થયેલા, મુંબઈ કે મુંબઈ બહારના માત્ર અપરિણીત સ્નાતક (ગ્રેજયુએટ) થયેલા જેઓની વય ૨૧ થી ૩૫ વર્ષ સુધીની જ હોય એવા જૈન સમાજના લગ્ન ઈચ્છુક યુવક /યુવતીઓને તા. ૧૦.૦૧.૨૦૧૮ સુધીમાં તેમનું નામ રજીસ્ટર્ડ કરાવીને આ સંમેલનમાં સહભાગી થવા અમારૂં હાર્દિક આમંત્રણ છે. વહેલા તે પહેલાના ધોરણે નામો રજિસ્ટર્ડ કરાવાના રહેશે. નિર્ધારીત સભ્ય સંખ્યા પૂરી થયા પછી વધુ નામો સ્વીકારવામાં આવશે નહીં.

સંપર્ક સૂત્ર : જૈન સગપણ માહિતી સેન્ટર
દુકાન નં.૯, સાંઈરાજ ગાર્ડન, હેમુકલાની રોડ નં.૩, (ઇરાની વાડી) મોદી પાર્કની સામે,
કાંદિવલી (વેસ્ટ) મુંબઈ – ૪૦૦ ૦૬૭, ફોનઃ ૨૮૬૬૦૧૬૯ / ૯૮૨૧૦૫૦૧૬૯ મો. ૯૩૨૦૦૩૬૯૭૨ / ૯૮૬૯૭૮૭૪૩૯ / ૯૯૨૦૭૨૨૫૪૨ / ૯૭૬૯૪૮૨૯૨૬
સંપર્ક સમય ગુરૂવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦, રવિવાર સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦
Website : www.jjckandivali.com Email : info@jjckandivali.com
Advt.

# ઘરધણી ભાડું કેટલું વધારી શકે?

કિશોર એમ. શાહ (સોલિસિટર)

- **બૉમ્બે રેન્ટ ઍક્ટ કાયદા પ્રમાણે ઘરધણી દર વર્ષે કેટલું ભાડું વધારી શકે છે?**

- બૉમ્બે રેન્ટ ઍક્ટના સેક્શન IIના સબ-સેક્શન I પ્રમાણે ભાડાની જગ્યાનો ઘરધણી દરેક વર્ષે બેઝિક રેન્ટ પર ૪ ટકાનો વધારો કરી શકે છે. ઘરધણી (૧) રહેવાની જગ્યા (૨) ભણવા માટેની જગ્યા (૩) ધંધા માટે આપેલી જગ્યા (૪) સ્ટોરેજ માટેની જગ્યા હોય તેના પર ભાડું વધારી શકાય છે. આ ભાડું કેટલું વધારી શકાય છે તે રેન્ટ ઍક્ટના શિડ્યુલ (I) અને (II)માં આપેલું છે. બૉમ્બે રેન્ટ ઍક્ટ ઉપરાંત ભાડાંની જગ્યાના મુંબઈ મ્યુનિસિપલ ઍક્ટ, ૧૮૮૮ના સેકશન ૧૪૭ (૧) અને સેકશન ૧૭૩ (૧)ના કાયદા પ્રમાણે ઘરધણી ભાડૂતો પાસેથી ૧લી એપ્રિલ, ૨૦૦૧ પછી દર વર્ષે ૪ ટકા પ્રમાણે ભાડું વધારે લઈ શકે છે. આની ઉપરાંત મહારાષ્ટ્ર રેન્ટ કન્ટ્રોલ ઍક્ટ, ૧૯૯૯ના સેકશન ૭ પ્રમાણે ભાડાંની જગ્યાનો ઘરધણી ૧લી એપ્રિલ, ૧૯૯૮થી ભાડામાં ૫ ટકાનો વધારો કરી શકે છે.

- ભાડાંની જગ્યામાં ઘરધણી મકાનને લગતું મોટું સ્ટ્રક્ચરલ ઑલ્ટ્રેશન કે મોટું ઈમ્પ્રુવમેન્ટ કરવા માટે બૉમ્બે રેન્ટ ઍક્ટના સેક્શન II ના સેક્શન (૨) (૩) અને (૪) પ્રમાણે મકાનને લગતું કોઈ મોટું રિપેરિંગ હોય કે જેને સ્ટ્રક્ચરલ ઑલ્ટ્રેશન કહી શકાય તો પણ ઘરધણી ભાડું વધારે લઈ શકે છે, પણ તે વધારો પણ બૉમ્બે રેન્ટ ઍક્ટમાં જેટલો આપેલો છે તેટલો જ લઈ શકે છે. તેનાથી વધારે નહીં, પણ આવું કરતા પહેલાં ૭૦ ટકા ભાડૂતોની પરમિશન લખાણમાં લેવી પડે છે.

- **ભાડાંની જગ્યામાં લીવ ઍન્ડ લાઈસન્સનું એગ્રીમેન્ટ અથવા ટેનેન્સી બદલાઈ હોય તેનું એગ્રીમેન્ટ અને રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે?**

A હા, હવે નવા કાયદા પ્રમાણે ભાડાંનું એટલે કે પાઘડીનું કોઈ પણ મકાન હોય તેમાં તે ફ્લૅટની લે-વેચ થઈ હોય તો તેનું એગ્રીમેન્ટ લખાણમાં હોવું ફરજિયાત છે, તેનું રજિસ્ટ્રેશન પણ કરાવવું પડે છે અને તેના પર સ્ટેમ્પ ડ્યુટી પણ ભરવી પડે છે. આ એગ્રીમેન્ટની રજિસ્ટ્રેશનની જવાબદારી કાયદા પ્રમાણે લૅન્ડલૉર્ડની છે અને જો આવા એગ્રીમેન્ટ રજિસ્ટર્ડ ન કરાવ્યાં હોય તો બૉમ્બે રેન્ટ ઍક્ટના સેક્શન ૫૫ના સબસેક્શન ૩ પ્રમાણે જેટલી પૅનલ્ટી ભરવી પડે તે બતાવવામાં આવ્યું છે. ભાડાંની જગ્યામાં ભાડું આપે ત્યારે કે મકાનને લગતા કોઈ પણ પૈસા ઘરધણીને મળે ત્યારે તે ભાડૂતને બૉમ્બે રેન્ટ ઍક્ટમાં લખેલી છે તેવી જાતના લખાણમાં રસીદ આપવાને બંધાયેલો છે. બૉમ્બે રેન્ટ ઍક્ટના કાયદા પ્રમાણે કોઈપણ ભાડૂત ઘરધણીને જ્યારે ભાડું કે મકાનને લગતા કોઈ પણ જાતના કાયદેસરના પૈસા આપે ત્યારે ઘરધણી દરેકદરેક પૈસાની અલગ રસીદ આપવાને કાયદેસર રીતે બંધાયેલો છે. હવે આ રસીદો કેવી છે તેનું લખાણ પણ બૉમ્બે રેન્ટ ઍન્કમાં આપેલું છે. ઘરધણી જ્યારે ભાડૂત પાસેથી ભાડાંની કે મકાનને લગતા કોઈ પણ પૈસા ભાડૂત પાસેથી આવે ત્યારે ભાડૂતને રસીદ તો આપવી જ પડે છે. ઉપરાંત તે રસીદનો કાઉન્ટર ફોલિયો (Counter Folio) પણ રાખવો પડે છે અને તે કાઉન્ટર ફોલિયો પર જે ભાડૂત પાસેથી પૈસા મળ્યા હોય તેની સહી પણ લેવી પડે છે.

- **બૉમ્બે રેન્ટ ઍક્ટ પ્રમાણે દરેક મકાનમાલિક તેની ભાડાંની જગ્યા સારી કન્ડિશનમાં રાખવાને માટે કાયદેસર રીતે બંધાયેલા છે?**

A બૉમ્બે રેન્ટ ઍક્ટના કાયદા પ્રમાણે કાયદેસર રીતે દરેકેદરેક મકાનમાલિક તે મકાન સારી કન્ડિશનમાં રાખવાને માટે બંધાયેલી છે અને જો કોઈ કારણસર જે રિપેરિંગ અત્યંત જરૂરી છે કે જેને ટેનેન્ટેબલ (Tenentable) રિપેર કરી શકાય અને જો આ રિપેરિંગ ઘરધણી ન કરાવે તો ભાડૂત પોતે પોતાના ખર્ચે રિપેરિંગ કરાવી શકે છે અને તે ભાડાંની સામે એડજસ્ટ કરી શકાય છે.

- **ઘરધણી ગવર્નમેન્ટને કઈ કઈ જાતના ટેક્સીસ ભરવાને માટે જવાબદાર છે?**

A (૧) રેટ, સેસ, ટૅક્સ અથવા ચાર્જિસ (Rate, Cess,s Tax or Charges), (૨) લૅન્ડ એસેસમેન્ટ, ગ્રાઉન્ડ રેન્ટ, (૩) ગવર્નમેન્ટની લેવી મકાન પર હોય તે, (૪) ઈલેક્ટ્રિસિટી અને વૉટર ચાર્જિસ, (૫) આની સામે ઘરધણી આટલું ભાડું પણ વધારી શકે છે.

# પ્રેમ: લાગણીની પરાકાષ્ઠા, માગણીનો અંત

ગિરીશ ગાલા (B.Com, LLM)

પ્રેમમાં માનવી કોઈનો દ્વેષ કરતો નથી, જે પોતાને સ્વામી માનતો નથી અને મિથ્યા, અહંકારથી પર હોય છે, જે સુખ તથા દુઃખમાં સમાન રહે છે અને સર્વે જીવમાત્ર પ્રત્યે સમભાવ રાખે છે. પ્રેમમાં માનવી શત્રુનો પણ શત્રુ બનતો નથી. તે મનમાં વિચારે છે, આ મનુષ્ય મારા પહેલાંનાં દુષ્કર્મોને લીધે મારા શત્રુ તરીકે વર્તી રહ્યો છે, તેથી વિરોધ કરવાને બદલે સહન કરવું જ વધારે સારૂ છે. પ્રેમમાં માનવી બીજા કોઈને કષ્ટ આપતો નથી, અને એવું કોઈ કાર્ય કરતો નથી કે જેનાથી બીજાઓને ઉદ્વેગ થાય, પરંતુ અન્ય લોકો જે એને વ્યગ્ર કરવા ઈચ્છે તો તે વિચલિત થતો નથી, અને કોઈ પણ પ્રકારના બાહ્ય ઉપદ્રવથી વિચલિત થતો નથી, અને મળેલા સુખ દુઃખ, માન અપમાન જશ અપજશ પ્રેમ અને તિરસ્કારને ભગવાનના પ્રસાદ સમાન ગ્રહણ કરે છે.

પ્રેમ પોતા સિવાય બીજું કશું આપતો નથી. પોતા સિવાય એ બીજું કશું લેતો નથી. એ તાબેદાર બનતો નથી. બીજાને તાબેદાર કરતો નથી. કારણ પ્રેમ પ્રેમથી જ સંપૂર્ણ છે. સંત કબીરે યોગ્ય જ કહ્યું છે કેઃ-

કબીરા કબીર ક્યા કરો, જાઓ જમાનાકે તીર,
એક રાધા કે પ્રેમ મેં, બહ ગયે લાખ કબીર

જગતમાંથી એક પ્રેમ શબ્દ કાઢી લે પછી શું બચે? ધરતી ઉપર શિશુ જન્મે એટલે મા પ્રેમથી ઉછેરે, કિશોરથી યુવાન બને ત્યાં સુધી પિતા પાલન પોષણ કરે, યુવાનીથી પ્રૌઢાવસ્થા સુધી પત્ની પ્રેમ કરે, બાળકોનો પ્રેમ મળે જગતમાં માત્ર પ્રેમથી પાંગરે. પ્રેમ કેટલા? માતૃપ્રેમ, પિતૃપ્રેમ, દાંપત્યપ્રેમ, મિત્રપ્રેમ, ભ્રાતૃપ્રેમ, દેશપ્રેમ, પ્રભુપ્રેમ જેટલા સંબંધ એટલા પ્રેમ, હવા વગરની કોઈ જગા નથી તેમ જગતમાં પ્રેમ વગર કોઈ પ્રાણી નથી, પ્રેમ એક, પણ પ્રકાર અનેક.

પ્રેમ શબ્દ, પ્રેમ ભાવ સમજવો તો બહુ સહેલો છે, પરંતુ એને સમજાવવો બહુ અઘરો છે. તમે કોઈને પ્રેમ કરો કે કોઈ તમને પ્રેમ કરે ત્યારે એ આપોઆપ સમજાઈ જાય છે. પ્રેમ કરવો પડતો નથી, થઈ જાય છે. પ્રેમની અનુભૂતિ જ અવર્ણનીય હોય છે. ચોવીસ કેરેટ જેવો શુદ્ધ પ્રેમ હોય છે. બે હૈયાંના મિલન પ્રેમની વાત જ કાંઈ નોખી છે.

શબરીએ કરેલો પ્રભુ પ્રેમ, નરસૈયાએ કરેલો ભજન પ્રેમ, જશોદાએ કરેલો પુત્ર પ્રેમ, લયલા મજનુએ કરેલો યૌવન પ્રેમ, શાહજહાંએ કરેલો પત્ની પ્રેમ, યુધિષ્ઠિરે કરેલો ધર્મપ્રેમ, ભગતસિંગે કરેલો દેશપ્રેમ, હનુમાનજીએ કરેલો ભક્તિપ્રેમ, ભરતે કરેલો ભ્રાતૃપ્રેમ, જલારામે કરેલો સેવા પ્રેમ, રતિ અને કામદેવનો દાંપત્યપ્રેમ, ગોપીઓએ કરેલો કાનુડાનો પ્રેમ અને કાનુડાએ કરેલો રાધાનો પ્રેમ પ્રસિદ્ધ છે.

દ્વારકામાં દિલ હતું એટલે
સાહ્યબી મેવાડની ત્યાગી હતી!!

ગાયને ધાવતું વાછરડું, કુતરીને ધાવતાં ગલુડીયાં, વાંદરીની છાતીએ વાંદરીનું વચ્ચું, તાજા જ જન્મેલા બચ્ચાને મોઢામાં મૂકી સાત ઘેર ફેરવતી બિલાડી, માળામાં મન મૂકીને બચ્ચાંની માવજત કરતી માદા ચકલી, વર્ષાઋતુમાં પોતાના ઈંડાને સુરક્ષિત સ્થળ લઈ જઈ કીડીઓ, ઈંડાને બચાવી લેવા રોકકળ કરતી ટીંટોડી આ બધાં જ પ્રાણી અને પક્ષીજગતનાં અજોડ પ્રેમનાં પ્રતીક છે. વૃક્ષને જેમ વેલ વળગે છે એમ જીવમાત્રને પ્રેમ વળગે છે. દરિયો પણ પ્રેમથી બાકાત નથીઃ

દરિયો મોજાં કે રેતીને પુછે તને ભીંજવું ગમશે કે કેમ? એમ પુછીને થાય નહીં પ્રેમ.

સાચા પ્રેમમાં સ્વાર્થનું કોઈ સ્થાન નથી, પ્રેમમાં લેવાની ભાવના કરતાં આપવાની ભાવના વિશેષ હોય છે. સાચો પ્રેમ કુરબાની માગે છે, મહેરબાની નહીં, દેશપ્રેમ માટે શહીદ થયેલા દેશપ્રેમીઓ એટલે જ તો અમર થઈ ગયા છે. પ્રેમનો મારગ છે શુરાનો, નહિં કાયરનું કામ જોને.

અમરપ્રેમ માટે જીગર મુરાદાદબાકી કહે છે:

એ ઈશ્ક નહીં આસાન, ઈતના તો સમજ લિજે, એક આગકા દરિયા હૈ, ઔર ડૂબકે જાના હૈ

પ્રેમની ભાષા વનસ્પતિના નાના છોડ પણ સમજી ગયા છે. તમે એ છોડનાં પાંદડાને પ્રેમથી પંપાળો તો એની વૃદ્ધિ જલદી જાય છે. પશુને તમે પંપાળો તો એ પ્રેમથી દૂધ દોહવા દે છે અને વધારે આપે છે. પ્રેમ કરો તો વાઘ, સિંહ પણ પૂંછડી પટપટાવતાં તમારાં આજ્ઞાંકિત થઈ જાય છે.

પ્રેમ લાગણીની વૃદ્ધિ છે તો હૃદયની શુદ્ધિ છે. હૃદય પ્રેમનું જન્મસ્થાન છે. હૃદયનું બીજું નામ દિલ છે. દિલ દિલથી મળે તો એક મહેફીલ છે.

બે જણાં દિલથી મળે તો એક મહેફિલ છે.

બે જણાં દિલથી મળે તો એક મજલિસ છે.

જે માનવીમાં પ્રેમ નથી તેને માણસ કહેવાની ભૂલ, ભૂલથી ય ન કરતા. પ્રેમ વગરના માણસને કબર ને સ્મશાન સાથે સરખાવ્યો છે. શ્રીરામ માટે સત્ય પ્રેમ હતો અને શ્રીકૃષ્ણ માટે પ્રેમ સત્ય હતો. રાધા સાક્ષાત પ્રેમની ધારા હતી, રાધાના દિવ્ય પ્રેમની પરાકાષ્ઠા તો ત્યારે આવે છે જ્યારે આઠ આઠ એકથી ચડિયાતી પટરાણીઓ હોવા છતાં એકેયનું નામ શ્રીકૃષ્ણ સાથેના લાગ્યું પણ રાધાનું નામ લાગ્યું અને એ પણ કૃષ્ણની પહેલાં. રાધાકૃષ્ણ વળી પાછા એ જ મંદિરમાં પુજાયા. આવી રાધાકૃષ્ણની પૂજા સમગ્ર વિશ્વ કરે ત્યારે ખુદ પ્રેમ પણ ગૌરવ અનુભવે છે.

પ્રેમની અભિવ્યક્તિ જેટલી આંખોથી, આંખના ઈશારાથી, આંખોના ઉલાળાથી, આંખોનાં આંસુથી, આંખના કાજલથી, આંખો મીંચીને અને આંખો મિલાવીને થઈ છે એટલી બીજા કોઈ માધ્યમથી નથી થઈ.

ગુજરાતી ભાષામાં, ગુજરાતી ગીતોમાં થયેલી પ્રેમની કબુલાત, રજુઆત, સખાવત, પતાવટ, ફાવટ, જમાવટ થઈ છે એટલી બીજી કોઈ ભાષામાં નથી થઈ. માન્યમાં નથી આવતું ને... તો સાંભળો... ઈંધણા વીણવા ગઈતી, ઉંબરે સાંભળુ રે બોલ, ઉંચી તળાવડીની કોર, ઓઢણી ઓઢું ઓઢુંને ઉડી જાય, કાનુડો શું જાણે મારી પ્રીત, ચાંદો ઉગ્યો ચોકમાં ઘાયલ, તને જાતાં જોઈ પનઘટની વાટે, તમે થોડાં થોડાં થાવ વરણાગી, તમે મન મુકીને વરસો, તારી વાંકી રે પાઘલડીનું, દિવસો જુદાઈના જાય છે, નજરના જામ છલકાવીને, નયનને બંધ રાખીને, નહિ મેલું રે... તારા ફળિયામાં, પાન લીલું જોયું ને, મણિયારો રે હાલુ હાલુ, મારી વેણીમાં ચાર ચાર ફુલ, શાંત ઝરૂખે વાટ નીરખતી, સાવંરીયો રે મારો સાંવરીયો રે મારો સાંવરીયો, હવે સખી નહીં બોલું, અને હે તને જોતાં પનઘટની વાટે, તારી આંખનો અફીણી... આવાં અગણિત ગીતો પ્રેમની સાક્ષી પુરે છે!!!

પ્રેમની અભિવ્યક્તિ એ દિલનો ઉછાળો પણ છે અને ઝુરાપો પણ છે. એનું પ્રતીક દુષ્યંત અને શકુંતલા છે. બે પ્રેમીનો વિરહ અસહ્ય હોય છે. સીતાહરણ પછી શ્રીરામ ભગવાન ખુદ રડતા રડતા વૃક્ષોને પણ પૂછે છે ત્યારે પ્રેમની ઊંચાઈ સમજતાં વાર નથી લાગતી. સારસ બેલડીનો પ્રેમ બધાથી ચડિયાતો છે. એકને અવસાન થતાં બીજું માથું પછાડી પછાડી દેહ ત્યાગ કરે ત્યારે અબોલ પક્ષીના બોલ બધાને બોલ્યા વગર સમજાય છે. આ અનુભવ, આ અનુભૂતિ પ્રેમની અલગ અલગ અભિવ્યક્તિને શબ્દ દેહ આપે ત્યારે શબ્દો ઓછા પડે છે.

પ્રેમ એટલે ઝંખના અને ઝુરાપો, પ્રેમ એટલે સેક્સનું આધ્યાત્મિકરણ. સંભોગથી સમાધિ, પ્રેમ એટલે પ્રેમ. પ્રેમ એટલે એક બીજામાં વિલીન થઈ જવું. પ્રેમ એટલે ત્યાગ. પ્રેમ એટલે બલિદાન. પ્રેમ એટલે પ્રભુનો સાક્ષાત્કાર. પ્રેમ એટલે લાગણીની પરાકાષ્ઠા. પ્રેમ એટલે હૃદયની મિલકત. દિલની અમીરી. જીવનનું અમૃત એટલે પ્રેમ. બીજાને સુખી કરવાની કલા એટલે પ્રેમ. પ્રેમ એટલે દ્વેષનો અભાવ અને હેતનો પ્રભાવ. પ્રેમ એટલે પ્રેમીઓના દિલનો દસ્તાવેજ જેમાં એક બીજાને બધું અર્પણ કરી દે છે એવું સમર્પણ.

પ્રેમનો અક્ષર સાક્ષર બનાવવાની ક્ષમતા ધરાવે છે. કબીર બહુ પહેલાં આ બધું જ પામી ગયા. પંડિત થવા પુસ્તકો કરતાં પ્રેમ વધુ કારગત નીવડે છે પોથી પઢિ જગ મૂઆ, પંડિત ભયા ન કોઈ, ઢાઈ અક્ષર પ્રેમ કા, પઢે તો પંડિત હોઈ.

રાધાકૃષ્ણ રાધાનું નામ આગળ અમથું નથી લાગ્યું!! બિન રાધે, શ્રીકૃષ્ણ આધે, આનું નામ દિવ્ય પ્રેમ.

# पतंगो का पर्व मकर संक्रान्ति

## महापुरुषो की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

मकर संक्रान्ति का पर्व हम पतंग उडाकर, और तिल्ली के लड्डू खा कर, दान दे कर, पशुओ को गुड और घांस खिलाकर मनाते है। आनेवाले हर व्यक्ति का मुँह मीठा कराया जाता है, भारत वर्ष पर्वो एवं देवी देवताओं से जाना जाता है। यहाँ हर पर्व का अपना इतिहास होता है, अपनी कहानी होती है। पर्व कैसे मनाना उसकी अपनी अलग परम्परा होती है, साथ ही इन पर्वो को मनाने में, आत्म कल्याण की भावना जुडी होती है।

कौरव पाण्डवो के समय की बात है, भीष्म पितामह की भीष्म प्रतिज्ञा के कारण उन्हें देवों ने इच्छा मृत्यु का वरदान दिया था, याने जब तक चाहे वे इस संसार में जी सकते है, और मृत्यु चाहने पर ही उन्हें मृत्यु मिलेगी। इस प्रकार का वरदान पाकर भीष्म पितामह जो मृत्यु के भय से निडर हो चुके थे। युद्ध के समय कोरवों ने उनसे वचन ले लिया था, कि जब तक आप जिवित है, पाण्डवों से युद्ध करते रहोगे। याने भीष्म पितामह का लक्ष्य, पाण्डवों को समाप्त करने का बन चूका था, किन्तु पाण्डवों की पत्नी पान्चाली को भी वे आशीर्वाद दे चूके थे, अखण्ड सौभाग्यवती भवः एक तरफ पाण्डवों को जीवन दान देने का आशीर्वाद तो दूसरी तरफ पाण्डवों को समाप्त करने का वचन। भीष्म पितामह शब्दों की माया जाल में फस चुके थे।

युद्ध शुरु होता है, कई दिनों तक भीष्म पितामह अपने पौत्र पाण्डवों से लडते रहे, वे बहुत दुखी थे। पाण्डवों को मार भी नहीं सकते थे, और बचा भी नहीं सकते थे। अचानक उन्हें पाण्डवों की तरफ से छोड़े बाण लग जाते है, बाणों से उनका शरीर बीन्द गया था, पुरे शरीर में बाण ही बाण हो गए थे, वे बाणों के सहारे पृथ्वी पर गिर जाते है। किन्तु उन्हें इच्छा मृत्यु का वरदान देवों से मिला था, इसलिये वे मर भी नहीं सकते थे, और शरीर बाणों से छिन्न भिन्न हो गया था, उस वजह से वे पाण्डवों को मार भी नहीं सकते थे। उस समय सूर्य कर्क सक्रान्ति से मकर सक्रान्ति की और गति कर रहा था, याने उत्तर से दक्षिण की तरफ और दक्षिण दिशा नेष्ट मानी जाती है। इसलिये उन्होंने बाणों की सय्या पर लेटे-लेटे प्रतिज्ञा ली जब तक सूर्य दक्षिण से उत्तर की और गति नहीं करेगा, में देह नहीं छोडुँगा। उन्हें बाणों से वेदना तो बहुत हो रही थी, पर क्षत्रिय थे, और उनके पास जीने का अभिप्राय भी था, वे समझ रहे थे, इस समय मैने देह छोडा तो मुझे सद्गति नहीं मिलेगी। जब सूर्य दक्षिण से उत्तर की ओर गति करेगा, उस समय मकर सक्रान्ति होगी, तब में देह छोडुँगा, और तभी मुझे सद्गति मिल सकती है। उन्होंने पौष सुदी पूर्णिमा के पश्चात् देह छोडा, उस दिन सूर्य ने दक्षिण से उत्तर की और भ्रमण करना शुरू कर दिया था।

ज्योतिष शास्त्र के अनुसार वर्ष में बारह सक्रान्ति होती है, और इन सक्रान्ति के साथ बारह राशी जुडी हुयी है। सूर्य छह माह तक उत्तर से दक्षिण की और भ्रमण करता है, और छह माह दक्षिण से उत्तर की ओर। एक वर्ष में बारह राशी और बारह सक्रान्ति होती है। पौष सुदी पूनम को मकर सक्रान्ति - इस दिन से सूर्य दक्षिण से उत्तर की और चलता है, और छह मास के बाद अषाढ सुदी पूनम से सूर्य वापस

उत्तर से दक्षिण की ओर भ्रमण करता है, इस तरह सूर्य की गति बनी रहती है। अषाढ सुदी पूनम से छह माह तक सूर्य दक्षिण की और रहता है, नेष्ट माना जाता है, और पौष सुदी पूनम से सूर्य दक्षिण दिशा छोडकर उत्तर की ओर चलता है, श्रेष्ठ माना जाता है।

बस पौष सुदी पन्द्रह को सूर्य मकर राशी में आ जाता है, और उसका भ्रमण उत्तर की ओर हो जाता है, इसलिये हम खुशियाँ मनाते है, गुड तिल्ली के लड्डु से लोगों का मुँह मीठा कराते है, और उन्हें मीठा बोलने का कहते है। साथ ही अच्छे दिनों में दान की महत्ता बतायी है, इस दिन लोग खूब दान करते है, पशुओं को घांस खिलाते है, गुड खिलाते है। राजस्थान में तेरह वस्तुयें दान देने के लिये निकाली जाती है। पंजाब में लौडी मनाते है, पंजाबी जैनों में सक्रान्ति का विशेष महत्व है, इस दिन लोग गुरु दर्सन को जाते है, उसे सक्रान्ति सुनते है। विक्रम संवत, वीर संवत, सन संवत आदि सन्तों से सुनते है, सन्त उन्हें माला फेरने का कहते है, मांगलिक देकर आशीर्वाद प्रदान करते है। इस दिन प्रकृति के स्वभाव में परिवर्तन आता है, सूर्य की गर्मी बढती है, दिन बडा होने लगता है, ऐसे में हमें भी अपने मन में परिवर्तन लाना है, जीवन को तिल-गुड के लड्डू खाकर मिठा बनाना है, वाणी में मिठास लानी है। बंगाल में दही पौहा खाने का रिवाज है, तो महाराष्ट्र में तिल्ली-गुड के लड्डू लोग एक दुसरे को खिलाते और मीठा बोलने को कहते। इस तरह दान देकर लोगों का मुँह मीठा करवाकर, अबोल पशुओं को अच्छा आहार देकर, सन्तों के दर्शन वंदन कर, उनसे सक्रान्ति सुनकर, मकर सक्रान्ति मनाई जाती है। उस दिन से सूर्य पृथ्वी के नजदीक आने लगता है, जिससे वातावरण में गर्मी बढने लगती है, और हवा कम हो जाती है। ऐसे में पतंग उडाकर हवा का माप निकला जाता है, पतंग उडाने की प्रथा गुजरात में है।

पृथ्वी से ११२ योजन दुरी पर सूर्य का भ्रमण चलता है, बारह माह में सूर्य १८४ मण्डल पुरे करता है, समतल भूमि से ७९० योजन पर तारा मण्डल है, ८०० योजन उपर सूर्य है, ८८० योजन उपर चन्द्रमा है, ८८४ योजन उपर नक्षत्र है, ८८८ योजन ऊपर बुद्ध गृह है, ८९१ योजन ऊपर शुक्र गृह है, और ९०० योजन पर शनि गृह है, इस तरह आकाश में ७९० योजन से ९०० योजन तक याने ११० योजन की परिधि में सूर्य, चन्द्र, गृह, नक्षत्र, तारामण्डल आदि है। एक मुहूर्त के १२२ वे भाग इतना दिन मकर सक्रान्ति से बढाता है और कर्क सक्रान्ति से एक मुहूर्त के १२२ वे भाग जितना दिन घटता है, उपरोक्त बातों का उल्लेख आगमों में मिलता है, एक योजन १४ किलोमीटर के बराबर होता है।

दिन का बडा होना शुभ है, और वह दिन मकर सक्रान्ति का दिन है, आगे चलकर इस दिन के आसपास १४ जनवरी होती है, यहाँ संवत सन से और मिति तारीख से मिलती जूलती है, मकर सक्रान्ति के अलावा अन्य त्योहारों पर तारीख फिक्स नहीं होती है, ८-१० दिन फर्क रहता है। किन्तु मकर सक्रान्ति के दिन १४ जनवरी होती है, ऐसा माना जाता है, कि यहाँ विज्ञान ज्योतिष से मिलता है, यह भारत की परम्परा है, यह देव भूमि की विशेषता है। हमें गर्व है, कि हम भारत वासी है, यहाँ हर त्यौहार - जाति, प्रदेश, खाना, दान, धर्म आदि से जुडे है, जो हमें संसार से हटा कर संस्कार की ओर, अधर्म से धर्म की ओर, पाप से पुण्य की ओर ले जाते है। हमें इन त्योहारों की गरिमा समझनी है, आत्मा को दुर्गति से सद्गति की और ले जाना है, त्योहारों के पीछे भ्रम नहीं फैलाना है, पाप से दूर हट कर पुण्य का कार्य करना है।

# Our humble effort to reciprocate the society

Smt. Kantaben Chandulal Gandhi
**English School**
Kalyan (Maharashtra)

Shri. Manilal Kasturchand Gandhi
**Gujarati School**
Kalyan (Maharashtra)

Smt. Kantaben Chandulal Gandhi
**Adivasi School**
Karav (Maharashtra)

Shri. Manilal Kasturchand Gandhi
**Secondary School**
Tajpar (Botad - Gujarat)

Smt. Kantaben Chandulal Gandhi
**Higher Secondary School**
Tajpar (Botad - Gujarat)

Shri. Shailesh Chandulal Gandhi
**Institute of Information Technology**
Botad (Gujarat)



जिओ तो ऐसे जिओ,
जी भर के जिओ;
कि हर लम्हा अपना हो,
हर लम्हे में अपने हों।

C.M.
एक एहसास....


C. M. Gandhi & Family

CMG CONSTRUCTION

C. M. GANDHI CONSTRUCTION PVT. LTD.
KOMPRESS INDIA PVT. LTD.

KOMPRESS®
WE CREATE SPACE ON EARTH

Advt.


Summer
2018
યુએસએ
યુરોપ
કેનેડા
સાઉથ આફ્રિકા
લંડન+સ્કોટલેન્ડ
Guideline™
making travel an art!
sales@guidelinetravels.com


સુપર Early Bird ડિસ્કાઉન્ટ !!
અવિશ્વાસનીય સમાવિષ્ટ સાથે ! અવિશ્વાસનીય ડિસ્કાઉન્ટ પર !
બધા સમાવેશ ! કોઈ છુપાયેલા કિંમત નથી !
પછી આવી તક નહી મળશે !!
ઑસ્ટ્રેલિયા
ન્યુઝીલેન્ડ
ફાર ઈસ્ટ
જેન્ટિંગ ડ્રીમ ક્રુઝ સાથે
KALBADEVI (HEAD OFFICE)
40622205 / 40622206 / 40622207
KANDIVALI
28061515
GHATKOPAR
21021155
SURAT
0261-4057222
Advt


નવેમ્બર માં ૩૦ દિવસમાં ૪૦ શો નો World Record • ડિસેમ્બરમાં ૩૧ દિવસમાં ૩૪ શો નો રેકોર્ડ
• જાન્યુઆરી પણ FULL થવાની તૈયારી મા • ૧૭ ફેબ્રુઆરી થી ૧૭ એપ્રિલ ૫૦ દિવસમાં ૫૦ શો અમેરિકા ખાતે
દરેક જે.જે.સી. અને જે. એસ.જી. ગ્રુપોએ એકી અવાજે વખાણેલુ નાટક
• AWESOME FANTASTIC ENTERTAINING DRAMA.
આવા નમુનાઓ તો બધાની લાઈફ મા હોવાજ જોઈએ.
Really Superb નાટક
- શ્રી કેતન શાહ - શ્રી ધીરજ ધરોડ - શ્રી જયંતી શાહ ( જે.જે.સી પનવેલ)
• ONE OF THE BEST FAMILY COMEDY PLAY OF RECENT TIMES.
ALL MEMBERS ARE VERY HAPPY.
ગ્રુપના Silver Jubilee Year Celebration ને
ચાર ચાંદ લગાડતું નાટક - શ્રી જતિન છેડા (જે.જે.સી. ચેમ્બુર)
• ખરેખર સુંદર નાટક... સેન્સીબલ કોમેડી વીથ વેરી ગુડ ન્યુ સ્ટોરી...
દરેક દરેક મેમ્બરોએ ખૂબ વખાણ કર્યા
ગુડ ટીમ વર્ક. દરેક જે.જે.સી. ગ્રુપે બતાવવા જેવું નાટક...
જો જો મીસ ન કરતા - શ્રી ભરત ધામી (જે.જે.સી. મુલુન્ડ)
• Really Superb entertainment with amazing energy from all artists.
BEST DRAMA FOR OUR GROUP MEMBERS.
Keep it up Nimesh bhai and wish you all the success
for all of your drama. MUST SEE PLAY FOR ALL.
- શ્રી રાજેશ ગાંધી (જે.જે.સી સાયન-માટુંગા)
• ખરેખર સુંદર નાટક.
રિન્યુઅલ ના સમયે પ્રેક્ષકો
ખુશ થઈ ગયા.
મેમ્બરો ને આવાજ સાત્વિક
કોમેડી નાટકો ગમે છે
અને દરેક ગ્રુપે પોતાના
મેમ્બરો ને આવાજ નાટકો
દેખાડી ખુશ કરવા જોઈએ.
NO. 1 BEST DRAMA
OF THE YEAR
- શ્રી અનિલ દોશી
(જે.જે.સી. અમૃતનગર)
નિમેષ શાહ પ્રોડક્ષન
પ્રસ્તુત
વટથી
કહો અમે
નમુના
છીએ
A SENSIBLE
COMEDY
સૌથી વધારે હાસ્ય,
સૌથી વધારે તાળીઓ
અને સૌથી વધારે
વન્સમોર નો Record
ધરાવતું મુંબઈનું એકમાત્ર
સુપરહીટ નાટક
સુશીલા શાહ
મલ્લિકા શાહ આવટે
નિર્મિત
નિમેષ શાહ
લિખિત-દિગ્દર્શીત
કથા: મલ્લિકા શાહ
★ કોમેડી કિંગ નિમેષ શાહ
સમીર રાજડા, પિયુષ અઢિયા, સાર્થક બિન્જુ, એકતા ડાંગર
સાથે ક્વીન ઑફ કોમેડી મલ્લિકા શાહ
Show contact:
9820242726
Arvindbhai Khatri Sons
amarsons
BANDRA
Pune
Shoes:
METRO
ALANKAR
CHASHMAWALA
Kalbadevi-Santacruz-Borivali

ADVT

## શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થા. જૈન મહાસંઘના ઉપક્રમે

# ઘાટકોપરમાં વિચાર વિમર્શ - યોગ વિશુદ્ધિ સાધુ સંમેલનમાં ૧૩૧ સાધુ-સાધ્વીજીની પધરામણીથી અનેરો ધર્મોલ્લાસ

શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘના નેતૃત્વમાં ઘાટકોપરમાં ૮૧ વર્ષ જૂના હિંગવાલા મોટા ઉપાશ્રયે તા.૧૧ અને ૧૨ નવેમ્બર-૨૦૧૭ના શનિવાર અને રવિવારના ગુજરાતના સ્થા. જૈન સંપ્રદાયના પૂ. સાધુ-સાધ્વીજીઓનું વિચાર વિમર્શ સંમેલન યોજાતાં ધર્મોલ્લાસ છવાયો હતો.

મહાસંઘના મોભી શ્રી પ્રાણભાઈ વેકરીવાળા, કાર્યવાહક પ્રમુખ ડૉ. સંજયભાઈ મનુભાઈ સંઘવી, કન્વીનર શ્રી મુકેશભાઈ કામદાર તેમજ ઘાટકોપર સંઘના ટ્રસ્ટી શ્રી કીર્તિભાઈ કોઠારી વગેરે, પ્રમુખ બિપીનભાઈ સંઘવી સહિત કમિટિએ અથાગ જહેમત ઉઠાવી હતી.

● **સાધુ સંમેલનની આવી શુભ ઘડી, સાધુ-સાધ્વીના દર્શનની દિવ્ય ઘડી...** તા. ૧૧-૧૧-૧૭, શનિવાર, કારતક વદ-અષ્ટમીના સવારે ૭.૧૫ કલાકે તિલક રોડ ખાતે ગુરુકુળના સ્વાગતકક્ષથી 'જૈનં જયતિ શાસનમ્'ના જયનાદે શ્વેતવસ્ત્ર અને મુખે મુહપત્તીથી શોભતાં શ્રાવક-શ્રાવિકાઓ સ્વાગત યાત્રામાં જોડાયા હતા.

વિશાળ વ્યાખ્યાન હૉલમાં એક પાટે ગોંડલ સંપ્રદાયના પૂ. દેવેન્દ્રમુનિ મ.સા., પૂ. ધીરજમુનિ મ.સા., પૂ. નમ્રમુનિ મ.સા. ઠાણા-૬, લીંબડી સંપ્રદાયના પૂ. ભાવચંદ્રજી મ.સા.ના પરિવારના પૂ. વિમલચંદ્રજી મ.સા., પૂ. વિવેકચંદ્રજી મ.સા. ઠાણા-૨, પૂ. પ્રકાશચંદ્રજી મ.સા. ઠાણા-૮, ગોપાલ સંપ્રદાયના પૂ. રામ ઉત્તમકુમારમુનિ મ.સા.ઠાણા-૮ એમ કુલ સંતો-૨૪ અને પૂ. ભાવચંદ્રજી મ.સા.ના પરિવારના સાધ્વીરત્ના પૂ. રશ્મિનાજી મ.સ. ઠાણા-૨૭, પૂ. પ્રકાશચંદ્રજી મ.સા.ના પરિવારના પૂ. અતુલાકુમારીજી મ.સ. ઠાણા-૧૦, પૂ. ધૈર્યમુનિ મ.સા.ના પરિવારના પૂ. પ્રવીણાજી મ.સ., ઠાણા-૬, ગોંડલ સંપ્રદાયના પૂ. અનિલાજી મ.સ.ઠાણા-૨, પૂ. વીરમતીજી મ.સ. ઠાણા-૨૦, પૂ. હસ્મિતાજી મ.સ., પૂ. ભારતીજી મ.સ., પૂ. વિમલાજી મ.સ. ઠાણા-૮, બોટાદ સંપ્રદાયના પૂ. રસીલાજી મ.સ., પૂ. અનિલાજી મ.સ. ઠાણા-૮, ગોપાલ સંપ્રદાયના પૂ. ધન્યમુનિ મ.સા.ના પરિવારના પૂ. મનોજ્ઞાજી મ.સ. ઠાણા-૩, પૂ. રામ-ઉત્તમમુનિ મ.સા.ના પરિવારના પૂ. પ્રિયદર્શનાજી મ.સ. ઠાણા-૨૩ એમ કુલ ૧૦૭ ઠાણા સહિત ૧૩૧ સંત-સતીજીઓના મંગલોત્તમ મિલનને વધાવતા લલિત સંગીત મંડળના પુત્રવધૂઓનાં સ્વાગત ગીતના શબ્દો હતા...

**સાધુ-સંમેલનની આવી શુભ ઘડી**
**સાધુ-સાધ્વીના દર્શનની દિવ્ય ઘડી...**

મહાસંઘના ડૉ.સંજયભાઈ સંઘવીએ પ્રતિવર્ષ સાધુ સંમેલનની વિનંતી કરેલ. મુકેશભાઈ કામદાર સફળતાની મંગલ ભાવના ભાવતા વિનંતી કરેલ કે શ્રી કીર્તિભાઈ કોઠારી સહિત સહુની ભાવના છે કે - ઘાટકોપર સંઘને લાભ મળે તેવી અરજી છે.

સકલ સંઘની નવકારશીનો લાભ માતુશ્રી મુક્તાબહેન દેવેન્દ્રભાઈ શાહ હ. બીનાબહેન દિલીપભાઈ શાહે લીધેલ.

તા. ૧૧ને શનિવારે સવારે ૯.૩૧ કલાકે મંગલાચરણ બાદ વિચાર-વિમર્શ સાધુ સંમેલનનો પ્રારંભ થયેલ. જેમાં માત્ર સાધુ-સાધ્વીજી બિરાજીત હતા.

વર્તમાન સમયની અનેક સમસ્યાઓ તેમજ વિહાર-વૈયાવચ્ચ, આગમિક અને પરંપરાઓ પ્રત્યે સજાગતા, પૂર્વાચાર્યો અને મહાપુરુષોની સંગઠન અને ઐક્યતાના ભાવોની વિચારધારાનું સન્માન વગેરેનો વિચાર વિમર્શ કરવામાં આવેલ. જેને ગીતના શબ્દોમાં કહીએ તો...

**ભિન્ન સમાચારી પણ હૃદયની એકતા**
**ભીના હૃદયે એકમેકને ભેટતા**
**નાના સંતો જોઈ સહુના હૈયા ઉછળતા**
**વડીલોના સૂરમાં સૂર પૂરાવતાં**
**અભેદભાવે ભળી, શાસનને ચાર ચાંદ લગાવે**
**એનો ઈતિહાસ સુવર્ણ લખાશે...**

બપોરે ૩ થી ૪.૩૦ કલાકે જૈનશાળા, મહિલામંડળ, વ્યાખ્યાનમાળા વગેરે અંગે વિચાર કરવામાં આવેલ.

પૂ. સંત-સતીજીઓએ મુક્તમને પોતાના ભાવો દર્શાવી સંગઠનની મહત્તા સમજાવી હતી. તા. ૧૨ને રવિવાર સવારે ૯.૩૦થી ૧૨.૦૦ કલાકે પ્રરૂપણાભેદ વગરે અનેક પ્રશ્નોની વિચારણાઓ કરવામાં આવેલ. રવિવારે બપોરે ૩થી ૫ કલાકે સમૂહ સંત દર્શન અને સંમેલનની સમાપનવિધિ થયેલ. સહુ સંત-સતીજીઓએ ફરી-ફરી આવા સંમેલનની ભાવના પ્રગટ કરેલ. તેમજ આ સંમેલન 'યોગ વિશુદ્ધિ' સૂત્ર ચરિતાર્થ બનવા પામેલ.

*પૂ. શ્રી ધીરજમુનિ મ.સા.ના કુશળ સંચાલનની સહુએ પ્રશસ્તિ કરેલ.*

ધીરગુરુનો પ્રયાસ છે, એમાં સહુ સંતોનો સાથ છે.

## જૈન જાગૃતિ સેન્ટરના નવા સેન્ટરો ખોલવા બાબત...

**ભારતભરના તથા પરદેશમાં વસતા સમગ્ર જૈનોને એક છત્ર નીચે લાવી જૈનોનો સામાજીક તથા રાજકીય ક્ષેત્રે અવાજ બુલંદ બનાવવા જૈન જાગૃતિ સેન્ટરની નેમને વધુ સફળ બનાવવા આપણા ધ્યાનમાં કોઈ એવું ક્ષેત્ર હોય જ્યાં જૈનોની વસતી સારા પ્રમાણમાં હોય અને ત્યાં જૈન જાગૃતિનું કોઈ પણ સેન્ટર ન હોય તો આપને વિનંતી છે કે આપ ત્યાં સેન્ટર ખોલવા પ્રયત્ન કરો અને તે વિષે જૈન જાગૃતિ સેન્ટરની ઑફિસે જાણ કરો.**

**સંપર્કઃ ૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.**
**ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬**

**લિ. સેક્રેટરી જનરલ**
**જૈન જાગૃતિ સેન્ટર, સેન્ટ્રલ બોર્ડ**

## હાસ્યમય જીવન

■ **રમેશભાઈ ધીરજલાલ કોઠારી**

હસતા રહો, હસાવતા રહો, જીવનને હસતું રાખો.
હાસ્યમય જીવન એ પ્રસન્ન જીવન છે.
જીવનમાં આવતા રડવાના પ્રસંગે હળવાશથી રડી લો,
મનને હલકું કરી લો, દુઃખ, તકલીફ, મુશ્કેલીઓને
સ્વીકારીને ચાલો. બધામાંથી મન હળવું થશે.
હસતા રહી જીવનને આનંદમય રાખો.
જીવનમાં ખુશ રહેવા હસતાં રહેવું એ જ સારો ઉપાય છે.
શું આ વાંચીને હસવાનું શરૂ કર્યું?
આપનું હાસ્ય બીજાને પણ અસર કરે છે.
આપનું હાસ્ય આપનું વ્યક્તિત્વ વધારે છે.
સૌનું હાસ્ય વાતાવરણને આનંદિત,
હળવું અને પ્રસન્ન બનાવે છે.
કેમ, આટલું તો કરશો ને?
હસતાહસતા કોઈને પણ તમારા બનાવી શકો છો.
હસતાહસતા એકબીજાના થઈને રહીએ.
જો તમે હસો તો નક્કી બીજાના મનમાં વસો.
શું તમે તમારા મિત્રો સાથે હસીને વાત કરો છો?
શું તમે તમારા ઘરના દરેક સભ્ય સાથે
હસીને વાત કરો છો?
શું તમે તમારાં દરેક સગાં-સંબંધી સાથે
હસીને વાત કરો છો?
હંમેશાં હસતો ચહેરો રાખો.
જેના માટે તમારે કાંઈ જ આપવાનું નથી
પરંતુ તમે જરૂર કાંઈક મેળવશો.
શું તમે આટલું કરશો?

# જિંદગીનું સરવૈયું

■ નલિન વોરા

અને જસંવતભાઈની આંખમાં આંસુ આવી ગયાં. તે હૉસ્પિટલમાં પલંગ પર હતા અને તેમનું મન જિંદગીભરનું સરવૈયું કાઢવામાં પડ્યું હતું. તેઓ વિચારતા હતા કે પોતાનું જીવન કેવું વીત્યું હતું? તેમણે શું મેળવ્યું હતું ને શું ગુમાવ્યું હતું?

જસવંતભાઈ મોટા વેપારી હતા. જિંદગીમાં ઘણું કમાયા હોવાથી પૈસાટકે સદ્ધર હતા. આખી જિંદગી કમાવાની લહાયમાં અહીં-તહીં, દેશ-વિદેશ ફર્યા કરતા હતા. ક્યારેય પણ પત્ની ને છોકરાઓ પાસે બેસવાની ફુરસદ મળતી નહીં. ક્યારેક છોકરાઓ ક્યાંક બહાર હરવા-ફરવાની વાત કરે ત્યારે કહેતાં કે, ''હમણાં તો નીકળી શકાય તેમ નથી, પછી ક્યારેક વાત, આ બધી દોડધામ તમારા માટે જ તો કરું છું.'' બંને છોકરાઓને સ્નાતક થયા પછી અમેરિકા મોકલ્યા. તેઓ ભણી-ગણીને ત્યાં જ ગોઠવાઈ ગયા. ક્યારેકક્યારેક ભારત આવતા-જતા રહેતા.

જસવંતભાઈની પત્ની પણ સાંસારિક કાર્યોમાં અટવાયેલી રહેતી. બંને પુત્રોનાં લગ્ન આદિમાં દિવસા વીતતા ગયા. પુત્રો, પત્ની અને બાળકોમાં તથા પોતાની નોકરી-વ્યવસાયમાં અટવાઈ ગયા. ભારત આવવાનું ઓછું થતું ગયું. જ્યારે તેઓ ભારત આવે ત્યારે મા સુખમાં મહાલતી, પણ તેઓના જતાં જ ઘર ખાલીખાલી લાગતું. જસવંતભાઈ તો તેવા સમયે પણ પુત્રો કે પૌત્ર-પૌત્રી માટે ખાસ સમય કાઢી શકતા નહિ તેને કારણે તેઓની સાથે અંતરનું જોડાણ જોઈએ તેવું સાધી શક્યા ન હતા.

આમ ને આમ તેઓ સાઠી વટાવી ચૂક્યા હતા. સમય ક્યારેય કોઈ માટે અટક્યો છે ખરો? ધંધાની દોડધામને લીધે હવે ક્યારેક થોડીઘણી શારીરિક તકલીફ થઈ આવતી તેથી એકલે હાથે બધું સંભાળવું અઘરું લાગતું. પત્ની ક્યારેક કહેતી કે 'આખી જિંદગી આમ દોડધામમાં વીતી ગઈ. હવે તો થોડો સમય પોતા માટે જીવો, મનગમતી પ્રવૃત્તિ કરી આનંદપૂર્વક સમય વિતાવો. ભગવાને દીધું ઘણું છે. છોકરાઓ પોતાની રીતે પોતાનું સંભાળે છે.' પણ જસવંતભાઈએ ધંધાનો જે પસારો કર્યો હતો તેને એકાએક સંકલવો પણ કઠિન હતું.

એક દિવસ રસ્તામાં હાર્ટઍટેક આવ્યો અને હૉસ્પિટલભેગા થવું પડ્યું. સમયસર સારવાર મળતાં બધાં સારાં વાનાં થયાં, પણ ડૉક્ટરે સાવચેતી રાખવા કહેલું. પત્ની ખડેપગે હાજર રહેતી, બધી વાતનું ધ્યાન રાખતી. પુત્રો અમેરિકાથી અવારનવાર ફોન કરી કોઈ પણ વાતે મૂંઝાશો નહિ, પૈસેટકે પણ નહિ, એવું જણાવતાં, પણ તેઓ સદેહે હાજરી આપવા અસમર્થ હતા. ત્યારે જસવંતભાઈને થતું કે અત્યારે જો પુત્રો-બંને અથવા એકાદ પણ અત્રે હાજર હોત તો પોતાને અને પત્નીને કેટલો સધિયારો રહેત!

અને જસવંતભાઈ પથારીમાં પડ્યાપડ્યા વિચારતા હતા કે મેં તો આખી જિંદગી ધંધા અને પૈસા પાછળ કાઢી નાખી. ક્યારેય પત્ની કે પરિવાર માટે સમય કાઢ્યો જ નહિ. આજે જ્યારે એકલો અહીં પડ્યો છું ત્યારે વિચારું છું કે પૈસો જિંદગીમાં ખૂબ મહત્ત્વનો અને જરૂરી છે, પણ સંબંધો, હેત, પ્રેમ કે લાગણીના ભોગે તો નહિ જ. આપણા દેશની સમાજવ્યવસ્થા જ એવી છે કે તેમાં કોઈ ક્યારેય એકલું પડતું જ નથી, પણ હવે બધાને પાશ્ચાત્ય વ્યવસ્થા જ ગમે છે તેથી આવું તો બનવાનું જ જે લોકોએ કેટલેક અંશે સ્વીકારી લીધું છે.


बिना दवाई के सरल और सचोट उपचार से,
रजवाडी ठाठ से जीने की कला

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक ।

*नीचे की अल्टरनेटीव थेरेपी का उपयोग करके।*

मेरीडीयन मसाज थेरेपी ♦ एक्युप्रेसर थेरेपी ♦ पास थेरेपी ♦ बुहांग इनस्ट्रूमेंट ♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थेरेपी के विशेषज्ञ

*आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।*

Advt.

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

**Mobile : 9820002953, 9820474125**

# મકરસંક્રાંતિ : ઉત્સાહ, ઉમંગ અને ઉપાસનાનું પર્વ

■ હરીશ શાંતિલાલ મહેતા

*ચલી ચલી રે પતંગ મેરી ચલી રે,*
*ચલી આસમાં સે દૂર...*

દેશી હિંદી ફિલ્મનું આ ગાણું જીવનની ચાળીશી વટાવી ગયેલા રસિકજનોને બરાબર યાદ હશે. ઉતરાણ, પતંગ, ફિરકી, માંજો આ બધા શબ્દો ગુજરાતી પ્રજાને કાળજે કોતરાયેલા જ રહેશે. મકરસંક્રાંતિ ભલે આપણે ઉત્સાહ અને ઉમંગના સામાજિક તહેવાર તરીકે ઊજવીએ, પણ હકીકતે તે એક ખગોળીય ઘટના છે. આ તહેવાર એવો છે કે જે ૧૪મી જાન્યુઆરીએ જ આવે છે. મકરસંક્રાંતિને દિવસે સૂર્ય પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની દિશા બદલીને થોડો ઉત્તરની તરફ ઢળે છે. આથી આ કાળ કે સમયને ઉત્તરાયણ કહેવાય છે.

જ્યાં સુધી સૂર્ય પૂર્વથી દક્ષિણ તરફ ગમન કરે ત્યારે તેનાં કિરણોને ખરાબ માનવામાં આવે છે, પણ જ્યારે તે પૂર્વથી ઉત્તરની તરફ જાય ત્યારે તેનાં કિરણો સ્વાસ્થ્ય અને શાંતિ વધારે છે. આમ સૂર્ય ધન રાશિ છોડીને મકર રાશિમાં પ્રવેશ કરે છે તેથી સૂર્યદેવતાની ઉત્તરાયન ગતિને આપણે ઉત્તરાયણ તરીકે ઊજવીએ છીએ.

આપણે ગુજરાતની પ્રજાને તો ઉતરાણ એટલે પતંગ ઉડાડવાનો ઉત્સવ. પતંગ, કાનકૌવો, ઉડણિયો અથવા કાઈટના નામથી મશહૂર પતંગ હવે માત્ર ચતુષ્કોણિયો રહ્યો નથી. અડધિયો, ફૂદી, પૂંછડિયો જેવાં ઘણાં નામથી જાણીતો પતંગ માત્ર આપણા દેશમાં જ નહીં, પણ વિશ્વના ઘણા પ્રદેશોમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ચગાવાય છે. તાજેતરમાં મુંબઈમાં કાઈટ ફેસ્ટિવલમાં ભાગ લેવા આવેલ પરદેશી યુવાને લગભગ ૧૦૦ ફૂટ મોટો સૂર્યમુખાકૃતિવાળો પતંગ ચગાવીને લોકોને ઘેલું લગાડ્યું હતું. ગુજરાતમાં પણ પતંગમહોત્સવના નામે રાજ્ય સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે.

સમગ્ર ભારતમાં ઉત્તરાયણની ખગોળીય ઘટના વિવિધ પ્રકારના નામે ઉત્સવરૂપે ઊજવાય છે. દક્ષિણ ભારતમાં પોંગલ તરીકે અને પૂર્વ ભારતમાં માઘ બિહુ તરીકે ઊજવાય છે.

'કાઈપો છે'ની બુમરાણો સાથે ગુજરાતી ધાબાઓ, અગાશી, છાપરે કે મોટાં મેદાનોમાં જઈને પતંગની મજા માણે છે. પતંગોત્સવની ઉજવણી હવે મુંબઈ જેવાં મહાનગરોમાં અને જેજેસીનાં ઘણાં સેન્ટરો દ્વારા પણ કરવામાં આવે છે. સાથે ઊંધિયું, જલેબી, લોચો જેવી ગરમાગરમ વાનગીઓ આરોગવાનો તહેવાર છે. ખાસ કરીને આ સૂર્યદેવતાની ઉપાસનાનો ઉત્સવ છે. સવારના પહોરમાં ઉતરાણના દિવસે સૂર્યદેવતાનાં કિરણો ખૂબ જ કોમળ અને આરોગ્યપ્રદ હોય છે. તેથી એ દિવસે સૂર્યની સામે ઘડીક વાર નજર રાખવી અને સૂર્યપ્રકાશમાં ઊભા રહેવું આંખ અને શરીર માટે આરોગ્ય વધારનારું રહે છે. કમનસીબે આંખે ગૉગલ્સ પહેરીને પતંગ ઉડાડતા શોખીનોની જાણ ખાતર કે પતંગના બહાને સૂર્યકિરણોનો ઉતરાણના દિવસે આંખમાં પ્રવેશ કરાવવો આંખના તેજ માટે ઉત્તમ છે.

મહારાષ્ટ્રમાં પણ મકરસંસ્ક્રાંતિ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઊજવાય છે. 'તિલ ગુળ ઘ્યા, આણી ગોડ ગોડ બોલા' એટલે કે તલના લાડુ-ગોળ લ્યો અને તેવી જ મીઠાશથી બોલો જેવા દરેકના હાથમાં તલના લાડુ આપવામાં આવે છે. સૌભાગ્યવતી સ્ત્રીઓ માટે ઉતરાણ પછીનું પખવાડિયું 'હલદી-કંકુ' સમારંભો યોજાય છે, જેમાં સૌભાગ્યવતીના કપાળે હળદર-કંકુનો ચાંદલો કરીને, હાથ પર અત્તર લગાડીને આખાય વાતાવરણને સુગંધી અને મૈત્રીભર્યું બનાવી દેવામાં આવે છે તથા તેમને નાનાં-મોટાં ઉપયોગી વાસણોની લહાણી કરવામાં આવે છે. આ ત્યૌહારની શરૂઆત મહારાષ્ટ્રમાં કરાવવા માટે ઈન્દોરનાં મહારાણી અહિલ્યાબાઈને યશ મળે છે. બ્રિટિશ સરકાર સામે સામાજિક એકતા વધુ દૃઢ બનાવવા આ પ્રસંગનું આયોજન કરવામાં આવે છે.

ઉતરાણના દિવસે તલ, ગોળ, બોર, શેરડી વગેરેનું વિતરણ તથા ગાયોને ઘાસચારો અને ગરીબોને અનાજ

તથા ધાબળાનું દાન કરીને વિશેષ પુણ્યનું ઉપાર્જન કરવામાં આવે છે. પતંગ, માંજો ભલે આપણને આનંદ આપતા હોય, પણ માંજાની કાતિલતા વિશેષ કરીને ચાઈનીઝ માંજો જે પક્ષીઓ માટે જાનલેવા સાબિત થયો છે. મકરસંક્રાંતિનું ધાર્મિક મહત્ત્વ છે તેથી વધુ હવે સામાજિક ઉત્સવ બની ગયો છે. મકરસંક્રાંતિ ન આવે ત્યાં સુધી શુભ કાર્યો થતાં નથી. મહાભારતમાં પણ ભીષ્મપિતા જેઓને ઈચ્છા-મૃત્યુનું વરદાન હતું તેઓએ સૂર્ય મકરમાં આવે પછી જ મૃત્યુની ઈચ્છા રાખી હતી. ત્રેતાયુગમાં પણ ભગવાન શ્રીરામે પોતાના ભાઈઓ તથા હનુમાનજી સાથે પતંગ ઉડાડી હતી. શ્રીરામચરિતમાનસમાં બાલકાંડમાં ઉલ્લેખ કરતાં શ્રી તુલસીદાસજી કહે છે 'રામ ઈક દિન ચંગ ઉડાઈ, ઈંદ્રલોક મેં પહોંચ ગઈ.' એ પતંગ ઈંદ્રલોકમાં પહોંચી ગઈ જ્યાં ઈન્દ્રની પુત્રવધૂ અને જયંતની પત્નીએ એ પતંગ પકડી લીધો.

અંતે શ્રીરામે તેને ચિત્રકુટ પર દર્શન આપવાના વચન બાદ જ તેણીએ હનુમાનજીને પતંગ પરત કર્યો. આવું રસપ્રદ વર્ણન આપણાં શાસ્ત્રોમાં જ મળે છે.

ભારત સિવાય ચીન, જાપાન, મલયેશિયા, થાઈલૅન્ડ અને વિયેતનામ જેવા દેશોમાં પણ પતંગ ઉડાડીને સૂર્યઉપાસના કરવામાં આવે છે. આમ મકરસંક્રાંતિ પર્વનું ધાર્મિક, સામાજિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વ છે. વધુમાં આપણા રાજકારણીઓ પણ આ ઉત્સવના આયોજન સાથે લોકસંપર્ક કરી લોકપ્રિય બનાવવાના પ્રયત્નો કરે છે.

સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય માટેના કારણરૂપ ત્રણ દેવો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેવા દેવોને પોતાનામાં સંઘરીને સંસારને ગતિમાન રાખે છે. તેવા ભગવાન સૂર્યનારાયણની ઉપાસનાનું પર્વ એટલે મકરસંક્રાંતિ આપ સૌના જીવનમાં આરોગ્યપ્રદ જીવન, ધનવૈભવ અને ઉલ્લાસ-સંતોષ લાવે તેવી મંગળ કામનાઓ.

---

## લોકપ્રિય બનવા માટે શું કરશો?

જીવનમાં ઘણીબધી ઈચ્છાઓ હોય છે, પરંતુ 'લોકપ્રિય' થવાની ઈચ્છા ખૂબ મહત્ત્વની અને અર્થપૂર્ણ બની રહે છે. જેનાથી જીવનની સાર્થકતા, જીવન જીવ્યાનું મહત્ત્વ, આત્મસન્માન, ગૌરવ વગેરેને પુષ્ટિ મળે છે. લોકો તમને ચાહવા લાગે અને તમારી હાજરી, તમારી કંપની વિશેષ પસંદ કરે એવું તમે ઈચ્છતા હો તો તમારે તમારી વાત સામેની વ્યક્તિ સાંભળ્યા કરે એમ કરવા કરતાં સામી વ્યક્તિને શાંતિથી સાંભળવાની ટેવ પ્રથમ તમારે પાડવી જોઈએ. જો તમે માત્ર તમારું જ હાંક્યે રાખશો તો તમારા મિત્રો તમારા તરફ ઓછું ધ્યાન આપશે અને કદાચ તમારાથી દૂર પણ ભાગવા માંડે.

કોઈ પણ વ્યક્તિ તમને વાત કહેતી હોય તો તે વાત શાંતિથી, સ્વસ્થ ચિત્તે, એકાગ્રતાથી સાંભળજો. જરૂર પડે વચ્ચે ટૂંકા પ્રશ્ન પૂછી તેને ઉત્સાહિત કરજો. તેની વાતમાં દલીલ કરવાથી દૂર રહેજો અને એમાંય સામેની વ્યક્તિ તમારાં માતા-પિતા, સાસુ-સસરા, મોટાં ભાઈ-બહેન કે વડીલ હોય તો કદાપિ દલીલ કરશો નહિ. એનાથી તમે એમનું અપમાન કર્યું એમ લાગશે. તમે એ વિશે જાણતા હો તોપણ સ્વસ્થતાથી સાંભળી લેજો. ખૂબ જ વિદ્વાન વ્યક્તિઓના સંપર્કમાં કે સમારંભમાં જાવ ત્યારે તેમની વાતો પણ ખૂબ સાવધાનીથી સાંભળજો, મનને અહીં તહીં ભટકવા ન દેશો, કારણ વગરની હિલચાલ કે અવાજ ન કરશો, ચાલુ કાર્યક્રમે ઊભા થઈને બહાર ન જશો, તમે એમનું પ્રવચન, વ્યાખ્યાન, સત્સંગ ધ્યાનપૂર્વક સાંભળો છો તેની પ્રતીતિ તેમને થવા દેજો. આમ કરવાથી તમે તેમનો પ્રેમ સંપાદન કરી શકશો.

જ્ઞાન-શિબિર કે પરિસંવાદમાં જાઓ ત્યારે અધવચ્ચેથી પોતાનું જ્ઞાન, હોશિયારી બતાવશો નહિ. તમારો ક્રમ આવે ત્યારે અથવા તમને પૂછવામાં આવે ત્યારે જ તેનો યોગ્ય જવાબ ટૂંકો અને મુદ્દાસર આપજો. 'પ્રમુખસ્થાનેથી' અથવા અન્ય સ્થાનેથી બોલવા ઊભા થાઓ ત્યારે ક્રમથી એ વિષયને લગતી તથા મહત્તાની વસ્તુઓ જ પ્રવચનમાં બોલજો. કોઈની નિંદા, આયોજકોની અણઆવડતનો ઉલ્લેખ નહિ કરતાં. આયોજકોનો ખાસ આભાર માનજો. આપવામાં આવેલ સમયથી વધારે બોલી લોકનજરમાં અપ્રિય ના થશો, કારણ લોકો બહુ બોલનારને લપલપિયો કહે છે.

જીવનમાં લોકપ્રિય થવા 'ઉધાર પૈસા' અને 'વણમાગી સલાહ' કદાપિ આપશો નહિ. વધારેપડતું મૌન, ખપપૂરતું બોલીને અને સ્નેહી કે મિત્રોને માનપૂર્વક અને પ્રેમથી બોલાવી, સ્નેહથી વર્તવાથી તમને 'લોકપ્રિય' થતું કોઈ રોકી શકશે નહિ...!

*'શુભમંગલપથ'માંથી સાભાર*

# મહોરા લગાવેલા ચહેરા

## રાહુલ ટિંબડિયા

બાળપણમાં કાલબાદેવી રહેતો ત્યાં જે સ્કૂલમાં ભણતો, ત્યાં વધુ કરીને સામાન્ય કુટુંબના છોકરાઓ ભણવા આવતા. એકવાર મારા એક મિત્રને મેં ઘરે જમવા બોલાવ્યો. રવિવારનો દિવસ-પૂરણપોળીનું જમણ એક પોળી ખાઈને તેણે બીજી લેવાની ના પાડી. મારી માએ આગ્રહ કર્યો તો કહે, ''મને આમાં ઘીની વાસ આવે છે.'' મારી માએ આશ્ચર્યથી કહ્યું કે, અમારે ત્યાં તો પોરબંદરથી શુદ્ધ ઘી આવે છે. તો એણે કહ્યું ''એટલે જ. મેં જિંદગીમાં શુદ્ધ ઘી ખાધું જ નથી. વારે તહેવારે ડાલડા ઘી ખાઈએ, નહીંતર બધું તેલમાં જ બને.''

તદ્દન નિર્દોષતાથી દીધેલો એ જવાબ આજે પણ મને યાદ છે. આજે જ્યારે ચારે બાજુ મ્હોરું પહેરી ફરતા લોકોને જોઉં છું ત્યારે ક્યારેક આ પ્રસંગ યાદ આવી જાય છે. હજુ સવારે જ એક વ્યક્તિ ઓફિસમાં આવી, બીજી એક વ્યક્તિ માટે ખૂબ જ કટુતા ભર્યા શબ્દો વાપરે અને જાહેરમાં તેજ વ્યક્તિના ખોબા ભરીને વખાણ કરે. જ્યાં સુધી એમનું ધાર્યું થાય ત્યાં સુધી આપણી સાથે ખૂબ જ મીઠાશથી વર્તે. આપણને લાગે કે તેમનાંથી વધારે હિતેચ્છુ આપણા કોઈ હોઈ જ ન શકે. એક વાર તેમની મરજી વિરુદ્ધ કંઈ કર્યું તો તમારી સાથે સંબંધ તોડતા કે કાંઈ પણ અજુગતું બોલતા જરા પણ ન અચકાય તેવી વ્યક્તિઓ તો આપણી આસપાસ ખૂબ જ હોય છે.

લોકોમાં કૃત્રિમતા ખૂબ જ વધી ગઈ છે. પ્રેમ, સ્નેહ કે ઉર્મિથી લોકોને મળવાની આદત છૂટી ગઈ છે. આ એષણા, આ હડિયા-પાટી, આ તાણમાં માણસ કૃત્રિમ થવા લાગ્યો છે.

આપણી પાસે પોતાનાં ચહેરા છે તે જ સાચવવા યોગ્ય છે. કોઈને ઘરે જઈએ ત્યારે મોઢા પર પ્લાસ્ટિકનું મ્હોરું પહેરી ગૃહિણી પૂછેઃ શું લેશો? ચા કોફી કે શરબત? પણ એ સવાલમાં રણકો એવો અને કૃત્રિમતા એટલી બધી કે ''ના ના હમણાં કંઈ જ નહી ચાલે'' કહી દઈએ. ચહેરા ઓઢતા, મ્હોરાં પહેરતાં તો શીખ્યા, પણ એટએટલા મ્હોરા આપણે પહેરીએ છીએ કે આપણે આપણો અસલી ચહેરો ગુમાવી બેઠા છીએ. સમય જતાં આપણી કૃત્રિમતા, નકારાત્મકતા ગુસ્સો ધિક્કાર, કટુતા, આક્રમકતા આપણા ચહેરા પર આવીને બેસી જાય છે, અને પછી આપણો અસલી ચહેરો આપણે ગુમાવી દઈએ છીએ.

એકવાર એક વ્યક્તિને લઈને હું સલીમખાન (સલીમ જાવેદ ફેમ)ને ઘરે ગયો હતો. એ વ્યક્તિનું કાંઈક કામ હતું અને સલીમ ખાન તેમનાં ઉદાર સ્વભાવને કારણે ખાસ જાણીતા છે. થોડીવાર વાતચીત કરી, કામ સમજાવી એ સજ્જન તો નીકળી ગયા. તેમના ગયા પછી સલીમ સાહેબે મને કહ્યું કે એ તે સજ્જનનું કામ નહીં કરે. મને ખૂબ જ આશ્ચર્ય થયું, અને મેં કારણ પૂછ્યું. તેમણે કહ્યું, ''મને તેનો ચહેરો પસંદ નથી''. મેં કહ્યું પણ સલીમ સાહેબ, એ વ્યક્તિ. કે કોઈપણ વ્યક્તિ તેનાં ચહેરા માટે જવાબદાર નથી હોતી, એ તો કુદરતની દેન છે, અને આ માણસનો ચહેરો કંઈ એવો ખરાબ નથી. સલીમજીએ કહ્યું, ''ચાલીસ વર્ષથી મોટી ઉંમરની કોઈ પણ વ્યક્તિ પોતાનાં ચહેરા માટે પોતે જ જવાબદાર હોય છે, અને ચહેરો એટલે તેમનાં વાતચીત વખતનાં હાવભાવ અને તેમનાં આંતરિક વિચારોનું ચહેરા પર ઝળકતું પ્રતિબિંબ.'' અને સલીમજીની વાત સાચી હતી, એ વ્યક્તિ ખૂબ જ સ્વાર્થી સ્વભાવની હતી.

માણસ જિંદાદિલ હોવો જોઈએ. આપીને ખુશ થવું એ મનોભાવ ઈશ્વરે કેવળ મનુષ્યમાં જ રોપ્યો છે. એ વૃત્તિમાં એક અલાયદા પ્રકારનો આનંદ છે. બુદ્ધિ ભલે પોતે પોતાનું ખાવાનું શીખવે, માનવ સહજ લાગણી, અરસપરસ વહેંચતા શીખે, અતિબુદ્ધિ પરલાગણીની ભીનાશ છવાય તો માણસ મહેંકી ઉઠે.

ચહેરા પર મ્હોરા વગરની વ્યક્તિ એકદમ પ્રસન્ન ચહેરો ધરાવે છે. તે ખડખડાટ હસી શકે છે. તેના મુખ ઉપર હમેશા સ્મિત છવાયેલું હોય છે, તે નિરાંતે જમે છે સૂર્યોદય અને સૂર્યાસ્ત જુએ છે ને માણે છે તે ગીત ગણગણે છે.

સાદી દાળ અને સૂકો રોટલો તે મોજથી ખાઈ શકે છે.

જેણ ચહેરા પર મ્હોરું નથી લગાવ્યું તેઓ દરેક ક્ષણને જિંદાદીલીથી જીવી લે છે. કોશિશ કરી જુઓ કૃત્રિમતાના ખંખેરી નાખો. દરેક ક્ષણને તમારી બનાવીતેમાં તન્મય થઈ જાઓ. તમે આનંદ સમાધિનો અનુભવ કરશો.

# 'કાન' વિશે જાણવા જેવી વાતો

■ લલિતકુમાર શાહ

કાન એ આપણા શરીરની પાંચ ઇંદ્રિયો પૈકી એક આપણી આસપાસ બનતી ઘટનાઓનો અર્થ સમજવા માટે કાન મદદ કરે છે. જોકે કાન વિશે લોકોમાં અનેક ગેરસમજો ફેલાયોલી છે. ખરેખર તો શરીરના અન્ય ભાગની જેમ તંદુરસ્તી સાચવવા માટે કાનમાં ખાસ યંત્રણા (ગોઠવણ) હોય છે. ફક્ત 'મેલ' કાઢવાને બહાને આપણે આ સિસ્ટમ (યંત્રણા)ને નુકસાન પહોંચાડીએ છીએ અને પછી કાનમાં દુખાવો થાય એટલે ફરિયાદ કરીએ છીએ.

સામાન્ય રીતે કાન ત્રણ હિસ્સામાં વહેંચાયેલો છે. બહારના હિસ્સામાં આપણને દેખાતી કાનની પટ્ટી, તેની અંદર કાનનો પડદો અને તેની આસપાસ ડોઢ સેંટીમીટરનો ભાગ તથા તેની પાછળ એક ભાગ હોય છે. સૌથી પહેલાં તો કાન વિશેની સૌથી મોટી ગેરસમજ દૂર કરવી જરૂરી છે. કાનમાં 'મેલ' એકઠો થયો છે એવુ આપણે કહીએ છીએ, તે આપણી ભૂલ છે. કાનની અંદર આવેલો પડદો એ ખૂબ નાજુક વસ્તુ છે. તેનું રક્ષણ કરવા માટે તેનાથી ડોઢ સેંટીમીટર સુધી ચામડીમાં મીણ જેવું ચીકણું દ્રવ્ય હોય છે. આ દ્રવ્ય પાણીને રોકે છે. તે ઉપરાંત એ એન્ટીબાયોટિક, એન્ટીફંગલ અને એંટીસેપ્ટિકની ક્ષમતા ધરાવે છે આપણે ફક્ત મેલ સમજીને આ દ્રવ્ય બહાર ફેંકી દઈએ છીએ. હકીકતમાં તો આ મેલ સૂકાઇ જઈને આપોઆપ બહાર ઊડી જાય છે. તેની આ ક્રિયાને કારણે કાનનું આરોગ્ય સારું રહે છે. આપણે અજ્ઞાનતાને કારણે અનેક પ્રકારના સાધનોનો ઉપયોગ કરી કાન સાફ કરવાના પ્રયાસો કરીએ છીએ. આમ કરવામાં કાન સાફ થતો જ નથી પરંતુ કાનના પડદાને હાનિ પહોંચવાની શક્યતા વધી જાય છે, કાન સાફ કરવા માટે બજારમાં મળતા 'બડ્સ'ના પેકીંગ ઉપર પણ ચેતવણી લખી હોય છે કે ડૂ નોટ ઇંસર્ટ ઈન ધ ઈયર. બડ્સ તો કાનના બહારના ભાગને સાફ કરવા માટે વપરાવું જોઈએ. આ વાંચ્યા પછી તમે બડ્સનો યોગ્ય ઉપયોગ શરૂ કરશો અને કાનમાં માથાની પીન, ટાચણી કે ક્લીપ જેવી નુકસાનકારક વસ્તુને નાખવાની ટેવ હોય તો તે બંધ કરશો.

કાનની રચના એવા પ્રકારની હોય છે કે તેમાં સામાન્ય રીતે બહારનો કચરો જતો નથી. આવાં સાધનો કાનમાં નાખવાથી મેલ બહાર આવતો નથી પણ વધુ ઊંડો ચાલ્યો જાય છે, ત્યાંથી બહાર આવી શકતો નથી તેથી જામી જઈને કડક થઈ જાય છે અને પરિણામે શ્રવણશક્તિને અસર થાય છે. ઓછુ સંભળાવા લાગે છે કે ખજવાળ આવે છે આમ થાય ત્યારે મેલને પલાળવા (નરમ કરવા) માટે કાનમાં દવા નાખવામાં આવે છે. અને તેથી મેલને બહાર કાઢવાનું કામ ડૉક્ટર માટે સહેલું થઈ જાય છે. તેથી જ કાનનું આરોગ્ય સાચવવું હોય તો તેની સાથે રમત ન કરશો પણ સંભાળ લેજો.

આવી જ સમસ્યા માતા માટે બાળકોના કાનમાંથી મેલ કાઢવાની છે. આનો ઉપાય એક જ છે અને તે એક બાળકને ડૉક્ટર પાસે લઈ જવું અને ઘરે કોઈ અખતરો કરવો નહીં. બાળકના કાનમાં દુઃખાવાનું એક કારણ તેની થયેલી શરદી હોય શકે છે. નાક અને કાનની પાછળના ભાગમાં શરદી એકઠી થાય છે. બાળક રાત્રે સૂઈ જાય ત્યારે શરદી કાનમાં આવે છે તેથી કાન દુઃખે છે અને બાળક રડવા લાગે છે તે વખતે બાળકને ઊભું કરવાથી તે રડવાનું બંધ કરે છે.

શરદી થાય ત્યારે નાક બંધ કરવામાં આવે છે ત્યારે જ કાન બંધ થઈ ગયાની ખબર પડે છે. કેટલાંક બાળકોની શરદી નાકમાંની શરદી કાનમાંથી બહાર પડે છે. એ શરદી કાનના પડદામાં નાનકડું છિદ્ર પાડી બહાર નીકળે છે. દસમાંથી આઠ જણામાં આ છિદ્ર આપોઆપ બંધ થઈ જાય છે. જેમને વધુ તકલીફ થાય છે તેમણે ઉપચાર કરાવવો પડે છે.

કાનના અંદરના ભાગનું કાર્ય મનુષ્યનું સંતોલન જાળવવા માટે મહત્વનું હોય છે આ ભાગમાં વિશિષ્ટ પ્રકારનો દ્રવ્ય પદાર્થ હોય છે. ડાબી અને જમણી બન્ને તરફથી તેના પર દબાણ આવે છે. આ દબાણનું સંતુલન બગડી જાય તો ચક્કર, ઊલ્ટી, સંતુલન ગુમાવવું જેવી તકલીફ થાય છે. આવું બને ત્યારે વ્યક્તિએ તેના ફેમીલી ડૉક્ટરની સલાહ લઈને કાનના સ્પેશિયાલીસ્ટ પાસે પહોંચી જવું હિતાવહ છે.

# સત્ય, જૈન દર્શન અને ગાંધીજીની દૃષ્ટિ

■ યોગેશભાઈ બાવીસી

સત્ય એક એવો શબ્દ છે કે જેને દરેક દર્શનમાં ખૂબ જ મહત્ત્વ અને અગત્યતા આપવામાં આવી છે. સત્ય એટલે શું? જે દેખાય તે સત્ય, જે ઈન્દ્રિયો દ્વારા જણાય તે સત્ય કે સત્ય એટલે સાચું તેમ સમજવું.

ગાંધીજી એટલે સત્ય, સત્ય અને સત્ય તે જ પરમાત્મા. આટલો ઉચ્ચ અભિપ્રાય તેમનો સત્ય માટે હતો. તેમણે પોતાના અઠવાડિક ''યંગ ઈન્ડિયા''માં ૧૯૨૫માં લખેલ રાજકારણમાં સત્ય, સંપત્તિમાં સત્ય, ઉપભોગમાં વિનય સત્ય, ભક્તિરૂપી સત્યમાં ત્યાગને તેમણે અગ્રક્રમ આપેલો.

હવે આપણે સત્ય પર થોડું ધ્યાન કેન્દ્રિત કરીએ.

સત્ય-સત્યાગ્રહ-સત્યનો આગ્રહ.

ગાંધીજી અભયની સાધના કરતા હતા અને તેમાંથી જ સત્ય અને અહિંસાનો ઉદ્‌ભવ થયો જેના થકી તેઓ અંગ્રેજ સત્તા સામે લડ્યા અને જીત્યા, પણ અંગ્રેજો પ્રત્યે તેમને લેશમાત્ર શત્રુભાવ ન હતો, તે એક સત્યનો પ્રકાર હતો. અહિંસા અને સત્ય જગતમાં સૌથી વધારે સક્રિય તત્ત્વ છે અને તે કદીય નિષ્ફળ જતું નથી. પ્રશ્ન આઝાદીનો હોય, અહિંસાનો હોય, હિન્દુ-મુસ્લિમ એકતાનો હોય કે સામાજિક, શિક્ષણ સંસ્થાનો હોય, તેમાં તેઓ સત્યની સાથે સમજાવટથી ઉકેલ લાવવામાં માનતા હતા તેમ જ તેમની સાથે લોકોને જોડવાની કોશિશ કરતા હતા. તેઓ એકલપંથી પ્રવાસી હતા અને તેમના પ્રવાસમાં લોકો જોડાતા હતા.

સત્યાગ્રહમાં જ્યારે અંગ્રેજ સરકારે મીઠા પર કર નાખ્યો ત્યારે તેમણે સત્યાગ્રહ દ્વારા દાંડીકૂચ કરેલી હતી જે ખૂબ જ સફળ થયેલ હતી અને ઈતિહાસે તેની નોંધ લીધેલ હતી. સત્યાગ્રહી બ્રહ્મચારી પણ હોવો જોઈએ તેવું તેમનું ચોક્કસપણે માનવું હતું, જેના થકી તેનાં પરિણામ ખૂબ જ સારાં અને સચોટ આવે છે. સત્યનો સ્વીકાર કરવાની નિષ્ઠા ગાંધીજીની અત્યંત અદ્‌ભુત હતી. આ બાબતમાં તેઓએ ઘણા વિદ્વાનો સાથે ચર્ચા કરેલ અને માર્ગદર્શન મેળવેલ હતું તેમાં જૈનોના શ્રીમદ્ રાજચંદ્ર, મુનિશ્રી સંતબાલ, વિનોબા ભાવે જેવા અતિવિદ્વાનોની સાથે ચર્ચા અને પત્રવ્યવહાર કરેલ હતો.

સત્યની લડાઈ શેરીઓમાં લઈ જવી તેવું તેમનું માનવું હતું. ત્યારે મોતીલાલ નહેરુ, મહમ્મદ અલી ઝીણા, ચિત્તરંજન દાસે ચેતવણી સાથે વિરોધ પણ કરેલ, પરંતુ ગાંધીજીને સત્ય પર સંપૂર્ણ ભરોસો હતો અને તેમાં તેમની જીત હતી.

ગાંધીજી પોતે બૅરિસ્ટર હતા. ખૂબ જ તાર્કિક અને માર્મિક રીતે દરેક દર્શનના અભ્યાસુ હતા. તેઓ સર્વધર્મ સમભાવમાં માનવાવાળા હતા. ગાંધી એ વ્યક્તિ ન હતા પરંતુ વિચાર હતા. જેમ જૈન ધર્મમાં ધુરંધર આચાર્યો પોતાના વિચારોથી જ ઓળખાયા છે તેમ ગાંધી વિચારધારા હતા.

જ્યારે લાલ-બાલ-પાલની ત્રિપુટી હિન્દુ મહાસભા દ્વારા આઝાદી મેળવવા ઈચ્છતી હતી તો સ્વામી વિવેકાનંદ પરદેશમાં હિન્દુ દર્શનની વાતો કરતા હતા ત્યારે ગાંધી અહિંસા અને સત્ય દ્વારા જ આઝાદી મેળવવા તેમ ફરતા હતા.

જૈન ધર્મમાં પરિગ્રહ જાણે તેમનો મંત્ર હતો. હાથેથી કાંતેલી ખાદી પહેરવી અને પોતે જ તે કાંતતા હતા. ઓછામાં ઓછી આવશ્યકતા, પરિગ્રહ થકી તેમની સત્ય પ્રત્યે નિષ્ઠા વધવા માંડી હતી.

બારડોલીના સત્યાગ્રહની સફળતા તેમની સત્ય તરફની નિષ્ઠા દર્શાવે છે. આ સત્ય પ્રત્યેની નિષ્ઠા દ્વારા તેમણે માર્ટીન લ્યુથર કિંગ, જહોન કૅનેડી, નેલસન મંડેલા અને બારાક ઓબામાના હૃદયમાં ગુરુપદ પ્રાપ્ત કરેલું હતું. હું સનાતનવાદી હિન્દુ છું, તેથી સત્ય અને અહિંસા મારો ધર્મ છે. જૈન દર્શનના બે અણુવ્રત (૧) પ્રાણાતિપાત અને (૨) મૃષાવાદની વાતો વર્ણવેલી છે.

પરંતુ હવે આપણે વાત સત્યના આગ્રહની કરીશું. કૉંગ્રેસના પ્રમુખ તરીકે સરદાર વલ્લભભાઈ પટેલ બધાને જ માન્ય હતા. ચક્રવર્તી રાજગોપાલાચારીએ પણ આમાં સૂર પુરાવેલ હતો, પરંતુ સત્યને આગ્રહપૂર્વક જિદ્દ કરીને પૂરું કરાવવું તેમ જવાહરલાલ નહેરુને પ્રમુખ બનાવવામાં આવેલ.

ગાંધીજી એક ઉચ્ચ કક્ષાના પત્રકાર હતા. 'યંગ ઈન્ડિયા' દ્વારા પોતાના વિચારો લોકો સુધી પહોંચાડતા હતા. જલિયાવાળા બાગનો હત્યાકાંડ કે તેના જેવો હિંસાનો પ્રયોગ તે વિદ્રોહ છે. સત્ય જ આઝાદીના મુખ્ય પાયા છે. ગાંધીજી ક્યારેય પણ વિદેશીના વિરોધી ન હતા, પરંતુ સ્વદેશીના ભોગે તો વિદેશી નહીં જ. ''ખાદી પહેરો'' તે તેમનું સૂત્ર હતું. ગાંધીવિચાર એ ભારતભૂમિની માટીની મહેક સમાન છે. જૈનોના અનેકાંતવાદ-

સ્યાદવાદ તેમની વિચારસરણીમાં ઊભરી આવે છે. હિન્દુ ધર્મ ચેતન્યમય ઝરણું છે, વિકાસવૃક્ષ છે. અહીંયાં Make in India દેખાય છે.

ગાંધી દર્શન એ આર્થિક અને સામાજિક સમસ્યાનો ઉકેલ છે. ગાંધીજીએ ક્યારેય પોતાને મહાત્મા નહોતા કહ્યા તેમ જ રાષ્ટ્રપિતા તરીકેનો પણ એવૉર્ડ નહોતો માગ્યો, પરંતુ સુભાષચંદ્ર બોઝે તેમને રાષ્ટ્રપિતા તરીકેનું સંબોધન કરીને હોદ્દો આપેલ અને તેમનાં વર્તન, વાણી, વહેવાર તેમ જ સાદગીએ તેમને મહાત્મા તરીકેનું બિરુદ આપેલ.

Reservation પૂ. ગાંધીજીએ શુદ્ર અને ઢેઢ-ભંગીને સામાજિક પ્રતિષ્ઠા મળે તેમ સૂચન કરેલ. ગોળમેજી પરિષદમાં હાજરી આપીને આવ્યા બાદ ડૉ. બાબાસાહેબ આંબેડકરને પૂ. ગાંધીજીએ કહેલ કે આ દલિત વર્ગને થોડું આરક્ષણ મળે તો સરખી રીતે વિકાસ પામે અને આ આરક્ષણ ૧૦ વર્ષ માટે આપવું તેવું તેઓનું ચોક્કસ રીતે સૂચન ડૉ. આંબેડકરને કરવામાં આવેલ હતું. આજની પરિસ્થિતિ થોડી અલગ છે.

લેખક તરીકે તેમણે 'સત્યના પ્રયોગો', 'હિન્દ સ્વરાજ', 'મંગલ પ્રભાત' જેવાં અનેક પુસ્તક દુનિયાને ભેટ આપેલ છે. મારો વિરોધ યંત્રોની ઘેલછા સામે છે, યંત્રોની સામે નથી. આજે પણ ગુંદી-ભાલનળકાંઠામાં તેમ જ કચ્છમાં કોઠારા મુકામે ખાદીના ચરખા પર કામ કરીને ઘણા ગ્રામોદ્યોગ ચલાવે છે.

સત્ય કહેતા વિનય અને વિવેકનો ત્યાગ નહીં થાય અને શરીર અને સિક્યોરિટી બચાવવા સત્યનો ત્યાગ નહીં થાય. આ વેણ તેમણે તેમના 'નવજીવન' માટે કહેલા. ગાંધીજીના વિચારો પચાવવાની આપણા સૌની મર્યાદા હોઈ શકે, પરંતુ ગાંધીજીની તેમાં સહજતા હતી. છતાં પણ આપણા સાહિત્યના સુવિખ્યાત કવિ શ્રી ઝવેરચંદ મેઘાણીએ જ્યારે ગાંધીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા જઈ રહ્યા હતા ત્યારે કહેલ કે, 'આ છેલ્લો કટોરો ઝેરનો પી જજો બાપુ તમે' કમ ખા, ગમ ખા, નમ જા'નાં સૂત્રોને સત્યના વિવેક સાથે જીવનભર પાળ્યું હતું.

અને જ્યારે ભાગલાની વાત આવી અને જવાહરલાલ નહેરુ અને સરદાર પટેલને કહ્યું કે, 'હવે હું એકલો પડી ગયો છું, પરંતુ તેમ કરવા માટે અંગ્રેજોની દખલગીરીની જરૂર નથી.' આ વાત બન્ને જણને ન ગમી, પરંતુ ગાંધીજી આ વાતને વળગી જ રહ્યા. અંતે ૫૫ (પંચાવન) કરોડ સાથે ભાગલાનું નક્કી થયું, જેમાં ૨૦ કરોડ દીધા પછી જુદા પડેલા પાકિસ્તાને લડાઈ કરી એટલે કમિટીએ નક્કી કર્યું કે બાકીના ન આપીએ, પરંતુ તે માટે પણ ગાંધીજીએ આગ્રહ કરીને તે અપાવ્યા. આ સત્યનું એક અત્યંત જ્વલંત ઉદાહરણ છે.

ગાંધીજી એ દૃઢપણે માનતા હતા કે, અહિંસા આ જગતમાં સૌથી વધારે સક્રિય તત્ત્વ છે અને કદી નિષ્ફળ જતું નથી. લુઈ ફિશરે સેવાગ્રામમાં આવીને ગાંધીજીના સત્ય અને અહિંસા પર પુસ્તક પ્રકાશિત કરેલ છે. પંડિત નહેરુએ 'આજકાલ'માં લખેલ કે ગાંધીનું નામ દરેક જગ્યાએ પહોંચી ગયેલ છે. તેની શોહરત પહોંચી ગયેલ છે. બીજાને માત્ર ગાંધી હિન્દુસ્તાન અથવા હિન્દુસ્તાનના ગાંધી જોડિયા થઈ ગયેલ છે. આપણા દેશની ઈજ્જત વધી, આબરૂ વધી અને દરેક જણાએ નોંધ લીધી કે ઊંચા અદાકાર હિન્દુસ્તાનમાં જન્મ્યા અને હિન્દુસ્તાનમાં પાછી અંધારામાંથી રોશની આવી.

ગાંધીજીની હયાતીમાં ૧૯૧૫માં પાદરી રેવ. જોસફે તેમના ચારિત્ર્યનું આલેખન કરેલું. ત્યાર બાદ ગાંધીજીના ચારિત્ર પર અનેક ભાષામાં તેમના વિચારો બાબતે લખાયેલું છે, જેમાં તેમના અંગત અનુયાયી મહાદેવભાઈ દેસાઈ અને પ્યારેલાલે ઘણો જ પ્રકાશ પાડયો છે. મહાદેવભાઈના દીકરા નારાયણ દેસાઈએ ચાર ખંડમાં ઘણું જ સરસ રીતે આલેખન કરેલું છે. અહીંયાં આગળ વિસ્તૃત કરવું ઘણું જ કઠિન છે એટલે ફક્ત ટાંક જ મારેલી છે.

જૈન દર્શનના પહેલા બે વ્રત (૧) પ્રાણાતિપાત અને (૨) મૃષાવાદ. અહિંસા અને સત્યનું જાણે ગાંધીજીએ આ અક્ષરસઃ પાલન કરેલું છે.

આજે આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ તો ગાંધી વિચારધારા-દેશને, સમાજને અને સંસ્કૃતિને સાચવવા પૂરું યોગ્ય બળ આપશે એવી મારી સંપૂર્ણ શ્રદ્ધા છે. આટલું કહીને હું મારી વાણીને વિરામ આપું છું.

**બીજું કંઈ જીતી ન શકાય તો કંઈ નહીં, ફક્ત માતા-પિતાનાં હૃદય જીતી લેશો તો આખી દુનિયા આપોઆપ જિતાઈ જશે.**

# આજકાલ પ્રતિષ્ઠાને ભોગે પૈસા મેળવવાની વૃત્તિ લોકોમાં કેમ વધતી જાય છે?

■ નાનુભાઈ સંઘવી

માણસને ઈશ્વરે જીવન પોતાની રીતે ભલે આપ્યું હોય, પણ એ જીવનની પરિભાષા કરવાની અને પોતાની પરિભાષા અનુસાર જીવનનું પરિવર્ધન, પરિવર્તન અને પરિસંસ્કરણ કરવાની સ્વતંત્રતા પણ માણસને આપી છે, એટલે માણસ પોતાની અપેક્ષા મુજબ જીવનની મૂર્તિ કંડારે છે. વાસનાઓનો અતિરેક અને શેતાનિયતનો લોભામણો માર્ગ પણ દેખાડી શકે અને સંયમ અને ચારિત્ર્યથી શોભતાં સાધુત્વ, સૌજન્ય ને નેકનિયતનો ઊર્ધ્વગામી પંથ પણ ચીંધી શકે.

માણસ મનના ઝરૂખા સમક્ષ ભિખારી થઈને ઊભો રહે તો મન એનો સ્વામી બની પોતાને ઈશારે એને નચાવવાનું જ છે, પરંતુ જે મનનો સ્વામી બની ક્ષુદ્ર વાસનાઓને ઈશારે નાચવાને બદલે આત્મસંયમ દ્વારા આત્મોત્કર્ષનાં દ્વાર ખોલવા ઉત્સુક બને છે એ અંતે આત્મવિજયનાં મીઠાં ફળ ચાખી શકે છે. જિંદગી કોઈને મીઠાં ફળ આપતી નથી, એ તો સહજરૂપે આપણી સમક્ષ પ્રગટ થાય છે. આપણે આપણી અપેક્ષાઓ, અનુકૂળતાઓ, ગમા-અણગમાઓ, રાગદ્વેષો અને સુએષણાઓને વશ થઈને ઘટનાનું આપણી રીતે મૂલ્યાંકન કરતાં હોઈએ છીએ. ક્યારેક આરંભમાં સુખદ્ લાગતું અંતે દુઃખદ લાગે છે અને આરંભમાં દુઃખદ લાગતું સમય કરવટ લેતાં સુખદ્ બની જતું હોય છે.

માણસના જીવનમાં એષણાઓ વધે ત્યારે તેનું જીવન પોતાનો પર્યાય ભોગમાં શોધે છે. ભોગ સાધનામાં પૈસો મદદગાર બને છે. પૈસો માણસને ક્ષણિક સુખોના અંબાર વચ્ચે વિહરવાની અનુકૂળતા કરી આપે છે અને જીવનની સુંવાળપ અને ઈન્દ્રિયપ્રદત્ત સુખોની શીતળતાનો અહેસાસ કરાવે છે. પરિણામે મનુષ્ય કામ, લોભ, મોહ વગેરે જેવું જીવન હાજર કરે તેને જ યથાર્થ માની લે છે.

જગત ભોગથી નહિ, પણ ત્યાગથી સુખી બન્યું છે. એટલે આધ્યાત્મિક વિભૂતિઓ કે મહામના મહાપુરુષો પોતાના જીવન દ્વારા, ત્યાગ, સમર્પણ અને બલિદાનના અનુકરણીય આદર્શો રજૂ કરતાં હોય છે. આવા મહાપુરુષોનાં ટોળાં નથી હોતાં, તેઓ અલ્પસંખ્ય જ હોય છે. અત્તરની શીશી હોય અને દારૂની બાટલી! આવા મહાપુરુષોનાં વ્યક્તિત્વ અને કૃતિત્વની મહેક સમાજ અને જગજીવનમાં સંસ્કાર, સંસ્કૃતિ, આત્મોન્નતિ અને જીવનમૂલ્યોની આબોહવા સર્જતી હોય છે.

આજનો યુગ ભૌતિક સુવિધાઓના ખડકલાનો યુગ છે. વૈજ્ઞાનિક પ્રગતિએ માણસને એકએકથી ચઢિયાતી સુવિધાઓ અને સુંવાળપને પંપાળનારાં ઉપકરણો આપ્યાં છે. ભોગેષણાનો માર્ગ લોકોને પ્રિય છે, કારણકે એ તત્કાળ સુખપ્રાપ્તિની ઈચ્છા સંતોષે છે. માણસે મૂલ્યનિષ્ઠ, કર્તવ્યનિષ્ઠ, સમર્પણનિષ્ઠ બનવા માટે કંટકછાયા પંથ પરથી પસાર થવું પડે છે. કેવળ ભૌતિક સુખો પાછળ ઘેલો બનેલો મનુષ્ય તપસ્યા અને જીવનની કઠોર વાસ્તવિકતાઓ સામે લડવા માટેનું બળ ગુમાવી બેસે છે, પરિણામે તડકાને બદલે છાંયડો, સમર્પણને બદલે અધિકાર, પરોપકારને બદલે સ્વાર્થ અને પડકાર ઝીલવાની ખુમારીને બદલે પલાયનવાદી શરણાગતિને જ એ જીવનું સર્વસ્વ ગણે છે. માણસ વિકાસની પરિભાષા કેવળ ભૌતિક અને શારીરિક વિકાસ સમજી બેઠો છે, પણ વિકાસનું અત્યંત મહત્ત્વનું તત્ત્વ આત્મિક-આધ્યાત્મિક વિકાસ છે.

એવા વિકાસ સાધક માટે 'મૂલ્ય' એ સર્વસ્વ હશે, પ્રતિષ્ઠા એ જ આભૂષણ હશે, કીર્તિ એ જ જીવતરનું રળતર હશે. પોતે ભલે નષ્ટ થાય, પણ પ્રતિષ્ઠાને હેમખેમ-અકબંધ રાખવા એવો માણસ આકાશ-પાતાળ એક કરશે. કઠોપનિષદે એટલે જ કહ્યું કે ધનના મોહથી બાલિશ બનતા મૂર્ખને મન દુનિયા અને એની મોજમજા જ સર્વ કાંઈ છે.

પૈસાની આળપંપાળમાં પડેલો માણસ આત્મબળ ગુમાવે છે, વિવેક ગુમાવે છે. પ્રાપ્તિ એ જ એને મન સર્વસ્વ હોય છે, પ્રાપ્ત કરવાની રીત નહિ. આજના માણસે પૈસાપ્રાપ્ત લોકોને વૈભવમાં રાચતા, દૂષણયુક્ત હોવા છતાં સર્વગુણ સંપન્નશીલ ગણાતા-મનાતા ને પૂજાતા જોયા છે, પરિણામે એ એમ જ માને છે કે ધન એ જ સર્વસ્વ છે. પ્રતિષ્ઠા, લોકોની ઉપેક્ષા અને અપ્રામાણિકપણું, અમીર માણસની વાહવાહીએ આજના માણસ સામે ગલત આદર્શો ઊભા કર્યા છે અને એવા ભ્રમને જ એ સત્ય માને છે.

# પ્રાતઃકાળનો સમય તંદુરસ્તીનો ખજાનો

■ કીર્તિદા દલાલ

આજના યુગમાં એવા કેટલા લોકો જોવા મળે કે જેઓ રોજ સવારે સૂર્યોદય જોતા હોય? જીવનની રફતારમાં તેજ દોડવામાં આપણે સૌ દિવસનો 'બેસ્ટ ટાઇમ' માણવાનું જ ચૂકી જઈએ છીએ!

સ્પર્ધાત્મક યુગમાં આજે દરેક બાબતમાં જટિલતાઓ એટલી વધી ગઈ છે કે ગમે કે ન ગમે, પણ આખો દિવસ વ્યસ્તતા ઘેરી વળે છે. દિવસ આખો દોડધામમાં ક્યાં પસાર થાય છે ખબર પડતી નથી! ટી.વી. અને મોબાઈલથી પરવારી માંડ રાત્રે મોડામોડા પલંગ પર પડ્યા પછી સવારે વહેલા ઊઠવું મુશ્કેલ થઈ પડ્યું છે.

યુવા પેઢીની આદતોની તો વાત જ શું કરવી? સૂરજ માથા પર આવે ત્યાં સુધી ગાદલામાં પડ્યા રહેવાનું બહુ સામાન્ય થઈ ગયું છે, પણ આદતોમાં બદલાવ આણવો આવશ્યક છે. પ્રાતઃકાળનો સમય તંદુરસ્તીનો ખજાનો છે. કદાચ બહુ વહેલા ન ઊઠી શકાય તોપણ સૂર્યોદય બાદ ઊઠીને દિનચર્યા શરૂ કરવી જરૂરી છે. દિવસની શરૂઆતમાં મનગમતી પ્રવૃત્તિઓ જેવી કે ધ્યાન, પ્રાર્થના, પ્રાણાયામ, વ્યાયામ, કુદરતનું સાંનિધ્ય માણવું વગેરે સેહત માટે ખૂબ ફાયદાકારક છે, એટલું જ નહીં, અત્યંત આનંદદાયક પણ છે.

આપણે સૌ જાણીએ છીએ કે ઑક્સિજન આપણા જીવન માટે બહુ જરૂરી છે. સવારના પહોરમાં ફરવા જવાથી આપણને વધુ પ્રમાણમાં ઑક્સિજન મળે છે. દિવસ ચડતાંની સાથે વાહનવ્યવહાર વધે એમ વાતાવરણમાં પ્રદૂષણની માત્રા વધે છે. ફૂલ-છોડ, તાજી હરિયાળીની ભાષા સવારની શાંતિમાં સમજાય છે. એક વખત આ ભાષાને માણવાની ટેવ પડે પછી એના વગર અડવું લાગે એવું છે!

પ્રાર્થના, વ્યાયામ, દિવસ દરમિયાન કરવાનાં કાર્યોનું પ્લાનિંગ, અમુક ચોક્કસ વિચાર કરીને નિર્ણય લેવા માટે તેમ જ વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ કરવા માટે આ શ્રેષ્ઠ સમય છે. આ વખતે કાર્યશક્તિ તેમ જ સ્મરણશક્તિ તીક્ષ્ણ હોય છે.

અસલના જમાનામાં સવારે વહેલાં ઊઠવાનું આગવું મહત્ત્વ હતું. આજે મોડા સૂઈ મોડા ઊઠવાની ફૅશન બની ગઈ છે, પણ સ્વસ્થ રહેવા માટે દિનચર્યા બદલવી જરૂરી છે.

પ્રાતઃકાળનો સમય ઊર્જાથી ભરેલો હોય છે. એ સમયને વ્યર્થ વેડફી નાખવાનું બિલકુલ ઉચિત નથી. મોટા ભાગના યોગીઓ બ્રહ્મમુહૂર્તમાં ઊઠી ધ્યાન-યોગ વગેરે કરતાં હોય છે. એ સ્પંદનો સામાન્ય વાતાવરણમાં પ્રસરે છે. મોડા ઊઠવાથી આપણે એનો લાભ લેવાનું ચૂકી જઈએ છીએ.

દરરોજ સવારે ઊઠીને અવશ્ય કસરત કરવી જોઈએ. રોજ કસરત કરનારા લોકોમાંથી ૯૦ ટકા લોકો આ સમય પર પસંદગી ઉતારે છે અને એ કારણસર જ તેઓ નિયમિતતા જાળવી શકે છે. સવારના સમયે વ્યાયામ કરવાથી મેટાબોલિઝમ – ચયાપચયની ક્રિયાને આગવો વેગ મળે છે અને એથી વધારે પ્રમાણમાં કૅલરી બળી શકે છે. સવારના પહોરમાં કરેલી કસરતને કારણે દિવસ દરમિયાન વધુ ચપળ અને ઍક્ટિવ રહી શકાય છે. સુસ્તતા મહેસૂસ થતી નથી.

'હેલ્ધી માઈન્ડસેટ'ની લાગણી અનુભવાય છે. રોજ સવારે એક જ સમયે એક્સરસાઈઝ કરતાં હોઈએ તો શરીર એ પ્રમાણે કેળવાતું જાય છે અને એ મહેસૂસ કરી શકાય છે. અંદરથી અદ્‌ભુત સ્પંદનો અનુભવાય છે. ચોક્કસ સમયે ઊઠી જવાય છે અને આપણે ઊઠીએ એ પહેલાં અંદરખાનેથી શરીર ઊઠવા માટે અને વ્યાયામ માટે તૈયાર થઈ ગયું હોય છે! હોર્મોન્સ પણ આ ક્રિયામાં સંકળાયેલા હોવાથી સહેલાઈથી અને ખુશી ખુશી આપણે પથારીમાંથી ઊભા થઈ જઈએ છીએ.

રોજ અલગઅલગ સમેય ઊઠવાથી માણસની બુદ્ધિ મંદ બને છે અને આજનાં વિજ્ઞાન અને ધર્મ બંને જણાવે છે કે દરરોજ સમયસર ઊઠવાથી તથા વ્યાયામથી મગજ કુશાગ્ર બને છે. સામાન્ય રીતે એની અસર દસેક કલાક રહેતી હોય છે.

આપણું શિડ્યુલ જાતજાતની પ્રવૃત્તિઓથી ભરચક હોય અથવા નોકરી-ધંધાની વચ્ચે વ્યાયામ માટે સમય ફાળવવાનો હોય ત્યારે ઘણી વખત એમ બને કે વ્યાયામ પાછળ ધકેલાઈ જાય. જ્યારે સવારે પહેલું કામ એ જ રાખ્યું હોય ત્યારે એક મહત્ત્વનું કામ સારી રીતે થઈ ગયાનો સંતોષ થાય છે અને એ ઉપરાંત એનો સકારાત્મક ફાયદો બીજાં કામ પર પણ જોવા મળે છે.

કસરત માટે સમય ફાળવવો અઘરો લાગતો હોય તો રોજ સવારે અડધો કે એક કલાક વહેલા ઊઠવાનું રાખો. કઈ બાબતને કેટલી પ્રાયોરિટી આપવી એ તમારા હાથમાં છે. કસરતને આગવું મહત્ત્વ આપવું જરૂરી છે. રોજ અડધો કલાક વહેલા સૂવા જાવ. સંશોધન પરથી જાણવા મળે છે કે નિયમિત વ્યાયામ કરનારની ઊંઘ ગુણવત્તાસભર હોય છે અને એમને બીજા કરતાં ઓછી ઊંઘની જરૂર પડે છે.

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | ધવલ ઉદયભાઇ શેઠ, ૨૭-૭-૧૯૮૭, ૫'-૪''<br>BSCIT, MBA– | દશા પોરવાડ જૈન<br>ડભોઈ - અંધેરી | (ઘર) ૨૮૨૪૧૮૬૩<br>(મો) ૯૮૬૭૯૯૨૪૮૦ |
| ૨) | મિનય મહેશભાઇ મહેતા, ૪-૧૧-૧૯૮૮, ૬'-૦''<br>M.B.A., B.M.S., – નિર્દોષ છૂટાછેડા | ઘોઘારી વિશાશ્રીમાળી જૈન<br>શિહોર – ભાયંદર | (મો) ૯૩૨૦૫૪૪૩૫૧<br>(મો) ૯૮૬૯૬૭૧૭૦૫ |
| ૩) | વિશાલ હસમુખભાઇ શાહ, ૨૧-૯-૧૯૭૮, ૫'-૬''<br>B.Com., | દેરાવાસી જૈન<br>બોટાદ - બોરીવલી | (ઘર) –<br>(મો) ૭૫૦૬૬૩૯૯૩૭ |
| ૪) | ચેતન હસમુખ શાહ, ૨૯-૭-૧૯૭૫, ૫'-૬''<br>B.Com, બિઝનેસ, છૂટાછેડા | દેરાવાસી જૈન<br>બોટાદ - બોરીવલી | (ઘર) -<br>(મો) ૭૫૦૬૬૩૯૯૩૭ |
| ૫) | કમલેશ વાડીલાલ શાહ, ૧૩-૨-૧૯૭૧, ૫'-૪''<br>Non Metric છૂટાછેડા | વિશાશ્રીમાળી દેરાવાસી જૈન<br>મોરબી | (ઘર) -<br>(મો) - |
| ૬) | નિરવ ચન્દ્રકાન્ત શાહ, ૨૨-૯-૧૯૮૫, ૫'- ૧૦''<br>Inter 2nd Year | દશા શ્રીમાળી દેરાવાસી જૈન<br>વલ્લભીપુર -હૈદ્રાબાદ | (ઘર)૦૪૦-૬૬૨૫૬૪૧૭<br>(મો) ૯૮૮૫૩૬૬૪૧૭ |
| ૭) | જીગર હર્ષદ શેઠ, ૬-૧૧-૧૯૮૯, ૫'- ૦૬''<br>B.Com, | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>વલ્લભીપુર - બેંગલોર | (ઘર) ૦૮૦૪૨૧૨૩૫૩૧<br>(મો) ૯૮૪૪૫૨૧૬૩૬ |
| ૮) | પ્રણય સંજય શાહ, ૩-૧૨-૧૯૮૮, ૫'૯''<br>M.Com., – | દેરાવાસી જૈન<br>અંબાસણ - બોરીવલી | (ઘર) -<br>(મો) ૯૮૬૭૯૮૬૦૧૮ |
| ૯) | તેજસ ચંદ્રકાંતભાઇ ટિંબડિયા, ૨૫-૮-૧૯૮૨, ૫'-૧૧''<br>S.S.C., – સેલ્સ મૅનેજર | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>બિલખા (જૂનાગઢ) - વસઈ | (ઘર) ૯૩૨૧૨૨૯૯૭૮<br>(મો) ૯૩૨૩૧૭૯૧૦૦ |
| ૧૦) | વિશાલ યશવંત મહેતા, ૧૩-૪-૧૯૮૬, ૫'- ૬''<br>B.Com, Software Diploma – નિર્દોષ છૂટાછેડા | દશા. સ્થા. જૈન<br>જોડીયા – કલકત્તા | (ઘર) ૨૪૯૯૬૫૫૦<br>(મો) ૯૮૩૬૮૪૭૦૮૪ |
| ૧૧) | હેમલ જશ્યન્ત લાઠીયા, ૨૨-૯-૧૯૮૪, ૬'-૦''<br>B.EIT., – | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>જુનાગઢ - મુંબઈ | (ઘર) ૦૨૨૨૮૯૭૨૩૦૧<br>(મો) ૯૫૯૪૦૧૫૧૨૪ |

## યુવતી

| નં | નામ, જ.તા., ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | દિપાલી બિપીનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૭૬, ૫'<br>S.S.C. એક્યુપ્રેશર ટ્રીટમેન્ટ સોલટેડ, કાજુ બદામ | શ્રી સુરત વિશા ઓસવાલ જૈન દેરાવાસી<br>સુરત - અંધેરી | (ઘર) --<br>(મો) ૯૭૬૯૦૫૮૭૧૫ |
| ૨) | ધ્વનિ ભરત શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭''<br>M.Com, (નોંધઃ મુંબઈમાં જ કરવા છે) | શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ<br>કઠોર (સુરત) - ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૨૮૧૨<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૩) | મૈત્રી શૈલેષ મહેતા, ૨૪-૧-૧૯૮૯, ૫'-''<br>BBI, Mcom (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈના<br>સાવરકુંડલા - ગોરેગાંવ | (મો) ૯૬૬૪૯૪૩૪૩૩<br>(ઘર) - |
| ૪) | જલ્પા જયકાન્તભાઇ શાહ, ૨૨-૧-૧૯૮૫ ૫'-૪''<br>બી.કૉમ. - (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શિહોર – ગોરેગામ | (ઘર) ૯૩૨૩૩૩૪૩૦૭<br>(મો) ૯૮૨૦૦૪૧૦૭૧ |
| ૫) | ક્રેશા હર્ષદભાઈ શાહ, ૨૧-૨-૧૯૮૬, ૫'-૨''<br>B.Com, MBA નિર્દોષ છૂટાછેડા | ઘોઘારી દશા શ્રીમાળી જૈન<br>વલ્લભીપુર - સિકંદરાબાદ | (મો) ૦૪૦૨૭૫૩૪૪૧૯<br>(મો) ૦૯૮૮૫૮૨૪૧૩૫ |
| ૬) | હિરલ માલેકર, (૫-૧૨-૧૯૮૨), ૫'-૨'' વઃ ૫૫ કિ.<br>B.Com., ઈન્ટિરિયર ડિઝાઈનર, પ્રી-સ્કૂલ ટીચર(વિડો-૧૧ વર્ષની દીકરી છે) | દેરાવાસી જૈન<br>હાલ ઘાટકોપર | (ઘર) ૯૮૬૯૫૩૩૨૨૮<br>(મો) ૯૮૨૧૨૭૭૧૨૭ |



કુદરત જ્યાં મન મુકીને વરસી છે

# મેઘાલય-આસામ-અરૂણાચલ



**મુંબઈ - ગૌહાટી - મુંબઈ વિમાન પ્રવાસ દ્વારા**

(દિવસ - ૧૨)

તેજપુર, દિરાંગ, તવાંગ, બોમ્ડીલા, ઈંડિયા-ચાઈના બોર્ડર, ઈંડિયા-બાંગ્લાદેશ બોર્ડર, કલીન વિલેજ, કાઝીરંગા નેશનલ પાર્ક, શિલોંગ, ચેરાપુંજી સાથે ભરપુર લોકલ સાઈટ સીન

**પ્રસ્થાન :** માર્ચ - ૧૪, ૨૬ એપ્રિલ - ૭, ૧૯, ૩૦ મે - ૧, ૧૩, ૨૫

**એક યાદગાર અદ્ભુત અને રોમાંચક પ્રવાસ ૭ સીસ્ટર સ્ટેટ સ્પેશ્યાલીસ્ટ સાથે**

**7 NIGHTS / 8 DAYS**



# ભૂતાન

**મુંબઈ-પારો-મુંબઈ વિમાન પ્રવાસ દ્વારા**

**પારો, પુનાખા, થીમ્પું**

**પ્રસ્થાન :** મે - ૧૫, ૨૨,૨૯ જુન - ૫

**: અન્ય આકર્ષણો :**

- સેન્ટ્રલી લોકેટેડ ૩-૪ સ્ટાર લકઝરીયસ હોટલમાં ભવ્ય આવાસ
- પ્રાઈવેટ લકઝરીયસ વાહનમાં મુસાફરીનો અનેરો આનંદ
- ભારતીય રાજસ્થાની નિષ્ણાંત રસોઈયા દ્વારા ભોજનનો આસ્વાદ
- વિમાન ટીકીટ, એન્ટ્રી ટીકીટ તથા પરમીટ ખર્ચનો ટુર કિંમતમાં સમાવેશ

**કોઈપણ છુપા ખર્ચ વગર સ્પષ્ટ ટુર પ્રોગ્રામ તથા પ્રામાણિક વ્યવહાર...**

ADVT

# નીરવ® ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

શોપ નં. ૧૭૦, બીજે માળે, રઘુલીલા મોલ, પોઈસર બસ ડેપોની પાછળ, કાંદીવલી (વેસ્ટ)

9004667806 ✆ 6671 3722 ગ્રાહકનો વિશ્વાસ એજ અમારી જીત...

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26/12/2017
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2016-2018

GEM TOURS & TRAVELS PVT. LTD The Luxury Tour Co.

જેમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
સંચાલિત
જેજેસી નોર્થ ઈસ્ટ

૧૩ રાત્રી
૧૪ દિવસ




નું સંચાલન અમને સોંપવા બદલ
જેજેસી નોર્થ ઈસ્ટ
કમિટી તથા સર્વે સભ્યોનો
હૃદયપૂર્વક આભાર માને છે

જેજેસી નોર્થ ઈસ્ટ
સાથે અમે અગાઉ પણ સફળતાપૂર્વક
આયોજિત કરી ચૂકયા છીએ

સાઉથ આફ્રિકા
અલાસ્કા–કેનેડિયન રોકિઝ

ગ્રીસ–તુર્કી, દુબઈ
સ્કેન્ડીનેવિયા–રશિયા

વિશ્વના તમામ
JJC GROUPS ને
અમો આમંત્રણ આપીએ છીએ, અમારી સાથે પૃથ્વિના કોઈપણ ભાગમાં
ટૂર આયોજિત કરવા માટે અમને જવાબદારી સોંપીને કરો અનુભવ પ્રવાસના અનેરા રોમાંચનો !

અમારો મંત્ર છે.. HIGH QUALITY @ LOWEST PIRICE

GEM TOURS & TRAVELS PVT. LTD

Naman Midtown, 1501/1504, 15th Floor, A Wing, Senapati Bapat Marg, Next to India Bulls Financial Centre, Elphinstone Road West, Mumbai - 400 013. Tel.: + 91 22 61019101. websupport@gemtravels.com

ADVT

Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **CHANDRAKANT F. SHAH**